RNI No. GUJGUJ/2011/44815

શ્રી રઘુવંશ સદા વિજયતે

વર્ષ : ૫
સપ્ટેમ્બર - ૨૦૧૬
કિંમત - રૂ.૧૦/-

શ્રી લોહાણા મહાપરિષદ
સુર્યવંશો વિજયતે
સંનિષ્ઠા, સંગઠન, સેવા દ્વારા સિદ્ધિ



શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર

# શ્રી રઘુકુળ વિશ્વ



વિસર્જનહારનું સર્જન હું, વિઘ્નહર્તા રહેવા સદા તત્પર હું,
'પુઢચ્યા વર્ષી લવકર યા', એવું ઇચ્છતા, શાને ઝટપટ વિદા કરતા ?



# સત્યમ્ શિવમ્ સુંદરમ્

આત્મીય રઘુવંશી બંધુ-ભગીનીઓ,

**જય જલારામ...　　જય રઘુવંશ...　　જય મહાપરિષદ**

પર્વોના પાવન માસ શ્રાવણમાં મહાદેવની આરાધના અને ગીતાકાર ભગવાન શ્રીકૃષ્ણના પ્રાગટ્ય મહોત્સવ પછી ભાદ્રપદમાં રિધ્ધિ - સિધ્ધિના દાતા ગણનાયક શ્રી ગણેશની આરાધનાનો અવસર આવે છે. તમામ શુભકાર્યોના આરંભે ગણેશજીની પૂજા-અર્ચના એ આપણી અવિચળ આસ્થાનો હિસ્સો છે. પરંતુ આપણા આ ગણનાયક ગણદેવતાના તત્વદર્શનમાં સમાજ સંગઠનનું મહાત્મ્ય પણ સમાયેલું છે. લોકમાન્ય ટિળકે એટલે જ સાર્વજનિક ગણેશોત્સવના આયોજનના આરંભ દ્વારા તેને રાષ્ટ્રીય સ્વાતંત્ર્યના આંદોલનનો હિસ્સો બનાવ્યો હતો. એટલે ગણેશજી આપણા આરાધ્ય દેવ હોવા ઉપરાંત આપણા સામાજિક - રાષ્ટ્રીય એકતાના આદર્શ પણ છે. આપણે રઘુવંશી લોહાણા સમાજના સંગઠન અને સેવાના કાર્યમાં પ્રવૃત્ત છીએ ત્યારે ગણેશજીના સંગઠન - સૂત્રને આપણા ચિંતન અને પ્રેરણાનો સ્રોત બનાવીએ.

આ માસ પિતૃ-તર્પણનો પણ મહિનો છે. આપણા પરિવારના પિતૃઓના તર્પણ ઉપરાંત લોહાણા જ્ઞાતિના સંગઠન માટે ભેખ ધારણ કરીને સેવા - સમર્પણ અને ત્યાગનો મહિમા સ્વંયના જીવન દ્વારા ચરિતાર્થ કરનાર શ્રી લોહાણા મહાપરિષદના આદ્ય પુરૂષો શ્રી હિન્ડોચાબાપા, શ્રી છગનબાપા, શ્રી નાનજી કાલિદાસ અને અન્ય પિતાતુલ્ય જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ આપણા સમાજની સેવા અને કલ્યાણનો માર્ગ પ્રસસ્ત કર્યો છે. આપણે સૌ મહાપરિષદના કાર્ય સાથે સંકળાયેલા અને રઘુવંશી સમાજના અંગ એવા સૌ કોઈએ સમાજ કાર્યમાં થોડું પણ પ્રદાન આપવાના સંકલ્પ દ્વારા પિતૃ-તર્પણનો પ્રયાસ કરવો જોઈએ.

વિતેલા દિવસોમાં ગુજરાતમાં નેતૃત્વ પરિવર્તનને પગલે મા.મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં રચાયેલ રાજ્ય સરકારમાં લોહાણા સમાજના પ્રતિનિધિત્વની આપણી અપેક્ષાના સંદર્ભમાં આપણે સંતુષ્ટ નથી. સારા અને વધુ વ્યાપક પ્રતિનિધિત્વ માટેની આપણી માગણી અને રજુઆત ચાલુ રહેશે. રાજનીતિના ગણિતમાં દરેક વખતે એક વત્તા એકનો સરવાળો બે થતો નથી. એ વાતને લક્ષમાં રાખીને આપણા સમાજે પણ એ ગણિત શીખવું પડશે. આપણી સામાજિક એકતા અને સંગઠન શક્તિનો આવિર્ભાવ માત્ર આપણા સમાજ અને પરિવાર પૂરતો ન રહેતાં રાજકીય નેતૃત્વ કરી રહેલા લોકોને પણ તેનો સાક્ષાત્કાર તેવા પ્રયાસ કરવાની આવશ્યકતા આપણે સમજવી પડશે.

ગુજરાતના લોહાણા સમાજના સંગઠન અને ઉત્કર્ષનું કાર્ય કરતા અખિલ ગુજરાત લોહાણા સમાજના વિદાય લઈ રહેલા પ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરના સ્થાને સુરતના શ્રી ધનવાનભાઈ કોટકની વરણી કરવામાં આવી છે. સુરત ખાતે તા. ૩૦ ઓગસ્ટના રોજ મળેલી સંસ્થાની મધ્યસ્થ સમિતિની બેઠકમાં શ્રી ધનવાનભાઈના નામને બહાલી આપવામાં આવી એ સાથે સંસ્થાના નવા ઉપપ્રમુખો તરીકે શ્રી ભગવાનદાસ બંધુ અને શ્રી મુકેશભાઈ મુલાણીની નિયુક્તિ થઈ છે. આ સૌ હોદ્દેદારોને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા. શ્રી ધનવાનભાઈની નવી ટીમ નવા જોમ અને જુસ્સા સાથે સમાજની કામગીરી આગળ ધપાવશે અને યશસ્વી બનશે તેમાં કોઈ શંકા નથી

ગત દિવસોમાં આપણા આરાધ્ય સંત શ્રી જલારામબાપાની ચોથી પેઢીના વારસ શ્રી જયસુખરામબાપાના દેહાવસાનથી આપણા સમાજે મોટી ક્ષતિ અનુભવી છે. શ્રી જલારામબાપાના દિવ્યકૂળમાં જન્મ ધારણ કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરનારા શ્રી જયસુખરામબાપા આપણા માટે જીવંત પ્રેરણા અને આસ્થાનું પ્રતિક હતા. ગુજરાત અને દેશભરમાં વસતા રઘુવંશીઓ ઉપરાંત વિશ્વભરમાંથી તેમને હાર્દિક શ્રધ્ધાંજલિ આપવામાં આવી એથીયે વિશેષ ઉલ્લેખનીય બાબત એ રહી કે પૂ.શ્રી મોરારીબાપુ સહિતના સંત સમાજે પણ શ્રી જયસુખરામબાપાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી. વીરપુર ધામના લોકોએ ત્રણ દિવસ સુધી બજારો બંધ રાખી શોક પાળ્યો. શ્રી લોહાણા મહાપરિષદની અપીલને માન આપીને દેશભરના જલારામ મંદિરોમાં શ્રી જયસુખરામબાપાના અંતિમ સંસ્કાર થવાના હતા એ દિવસે સવારે જલારામ-ધૂનના આયોજનો થયાં.

અંતમાં નવી મુંબઈ ખાતે તા. ૨૪ અને ૨૫ સપ્ટેમ્બરના રોજ લોહાણા સમાજ નવી મુંબઈના યજમાનપદે યોજાનાર કારોબારી સમિતિની બેઠકને ખૂબ ખૂબ શુભેચ્છાઓ. આપણા મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વના માધ્યમથી તમામ રઘુવંશી પરિવારો ભાવનાત્મક રીતે માતૃસંસ્થાથી સીધા જોડાય તેમાં આપ સૌ કારોબારી અને આમંત્રિત સભ્યો ચોક્કસ માધ્યમ બનશો એવી અપેક્ષા સાથે...

આપ સૌનો શુભાકાંક્ષી,

**પ્રવિણ ટી. કોટક**
**પ્રમુખ - શ્રી લોહાણા મહાપરિષદ**

વર્ષ : ૫

સપ્ટેમ્બર - ૨૦૧૬

અંક : ૫૭

માલિક

શ્રી લોહાણા મહાપરિષદ

પ્રકાશક : પ્રવિણ કોટક

તંત્રી : તરુણ દત્તાણી

વ્યવસ્થાપક : હિમાંશુ ઠક્કર (મંત્રી)

રાષ્ટ્રીય સંકલક : નરેન્દ્ર દાવડા

વિભાગીય સંકલક :

ગુજરાત : શંકર કતીરા (ડીસા)

સૌરાષ્ટ્ર : અશોક હિંડોચા (રાજકોટ)

કચ્છ : રાજેશ પલણ (નખત્રાણા)

વિદર્ભ સહ મધ્ય ભારત : સંજય પાઉ (ઇન્દોર)

મુંબઈ સહ મહારાષ્ટ્ર : મુકેશ કોટક (મુંબઈ)

ઉત્તર - પૂર્વ ભારત : મુકેશ ઠક્કર (કટક)

માર્ગદર્શક :

યોગેશભાઈ લાખાણી

ધીરૂભાઈ મીરાણી (મુંબઈ)

કનુભાઈ આચાર્ય (ડીસા)

ગીરીશભાઈ ડ્રેસવાલા (મુંબઈ)

રમેશચંદ્ર આર. ઠક્કર (ગાંધીનગર)

રજી. કાર્યાલય

બેઝમેન્ટ, ઇસ્કોન મેગા મોલ,

ઇસ્કોન મંદિરની પાસે, એસ. જી. હાઈવે,

સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૫૯.

ફોન : (૦૭૯) ૪૦૦૯૧૦૦૫

વેબસાઈટ : www.lohanamahaparishad.org

સભ્યપદ

આજીવન લવાજમ (ભારત) : રૂ. ૨૦૦૦/-

આજીવન લવાજમ (ભારતની બહાર) : રૂ. ૮૦૦૦/-

છૂટક પ્રત કિંમત : રૂ. ૧૦/-

સળંગ વર્ષ : ૧૮ સળંગ અંક : ૨૧૬



ઈમેઈલ :

raghukulvishwa@gmail.com
(રઘુકુળ વિશ્વમાં સમાચારો પ્રસિદ્ધ કરવા માટે)

lmppressrelease@gmail.com
(અન્ય મુખપત્રોમાં પ્રસિદ્ધ થયેલા સમાચારો માતૃસંસ્થાને મોકલવા માટે)

shreelmpawards@gmail.com
(માતૃસંસ્થા સ્થાપિત આંતરરાષ્ટ્રીય એવોર્ડ્સ માટે નોમિનેશન મોકલવા માટે)

jaymahaparishad@gmail.com
(અન્ય કોઈપણ પ્રકારના પત્રવ્યવહાર માટે)



'શ્રી રઘુકુળ વિશ્વ'માં છપાતી વાંચન સામગ્રી જે તે લેખકનાં પોતાના અભિપ્રાય - વિચારો આધારિત છે. જે બાબતે 'શ્રી રઘુકુળ વિશ્વ' કે શ્રી લોહાણા મહાપરિષદ કોઈ રીતે જવાબદાર રહેશે નહીં તેની સુજ્ઞ વાચકોએ નોંધ લેવી.


## અનુક્રમણિકા


| | |
|---|---|
| માતૃસંસ્થાની અટારીએથી | ૨ |
| તંત્રી લેખ | ૪ |
| પૂજ્ય જયસુખરામબાપા | ૫ |
| સમાજની આજ અને આવતીકાલ | ૬ |
| કાર્યાલય સમાચાર | ૭ |
| વિભાગીય સમાચાર | ૮ |
| યુવા વિભાગ | ૯ |
| મહિલા વિભાગ | ૧૦ |
| સ્થાયી સમિતિઓના અહેવાલ | ૧૫ |
| સંસ્થા સમાચાર | ૧૯ |
| સરાહનીય.. અભિનંદનીય | ૨૨ |
| પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ | ૨૩ |


## સંકલ્પ

**આવો, આપણે સૌ સાથે મળી રઘુવંશી સમાજમાંથી થેલેસિમિયા મેજર નામની મહાભયાનક બીમારીને જાકારો આપીએ. સમાજના દરેક યુવાન ભાઈ-બહેનોને લગ્ન સંબંધો પૂર્વે થેલેસિમિયા રક્ત પરીક્ષણ માટે પ્રોત્સાહિત કરીએ.**

## થેલેસિમિયા નાબુદી અભિયાન



## વૃક્ષો વાવો ધરતી બચાવો

# તંત્રી લેખ



પ્રમુખપદના કાર્યકાળની શ્રી યોગેશભાઈ લાખાણીની મુદત પૂરી થયે ગત વર્ષે ૨૦૧૫માં વિશ્વભરના રઘુવંશી લોહાણા સમાજની માતૃસંસ્થાના નેતૃત્વમાં પરિવર્તન થયું અને નવા પ્રમુખ તરીકે શ્રી પ્રવિણભાઈ કોટકની વરણી કરવામાં આવી. આ વર્ષે ૨૦૧૬માં સમગ્ર ગુજરાતના લોહાણા સમાજની પ્રતિનિધિ સંસ્થા અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકેનો શ્રી ઉમંગભાઈ ઠક્કરનો ૪ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થતાં તેઓ પણ હોદ્દા પરથી વિદાય લઈ રહ્યા છે અને તેમના સ્થાને એજીએલએસના નવા પ્રમુખ તરીકે સુરતના શ્રી ધનવાનભાઈ કોટકની વરણી કરવામાં આવી છે. ૩૦ ઓગસ્ટના રોજ સુરત ખાતે સંસ્થાની મધ્યસ્થ સમિતિની બેઠકમાં આ જાહેરાત કરવામાં આવી અને સાથોસાથ નવી ટીમની જાહેરાત પણ કરવામાં આવી છે. લોહાણા સમાજની આ બંને ટોચની સંસ્થાઓમાં આ રીતે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સર્વસંમતિના ધોરણે નેતૃત્વ પરિવર્તનની પરંપરા સ્થાપિત થઈ રહી છે. આપણા સમાજના ઉજ્જવળ ભાવિનું આ ઉમદા લક્ષણ છે. હવે સમાજના હોદ્દા માટેની કટૂતાપૂર્ણ પ્રતિસ્પર્ધાને બદલે અન્યને આદરપૂર્વક કામ કરવાની તક આપવાની ભાવના કેળવાઈ રહી છે. આ સંસ્થાઓમાં અને એ પ્રકારે સમાજમાં જ્ઞાતિ માટે કામ કરવાની સેવા અને સમર્પણની નવી કાર્ય સંસ્કૃતિનું નિર્માણ થઈ રહ્યું છે. અહીં એક વખત પ્રમુખ નક્કી થઈ જાય પછી બાકીના મહાનુભાવો પોતાની ક્ષમતા પ્રમાણે સંસ્થાના કામમાં સહયોગ આપવા માટે તત્પરતા દર્શાવે છે અને પોતાના હિસ્સે આવતા પદ અને જવાબદારી સંભાળે છે. અત્યંત શાંતિપૂર્ણ અને ઉત્સાહના વાતાવરણમાં સંપન્ન થઈ રહેલી કાર્યવાહીને સમાજના લોકો દ્વારા જે રીતે ઉમળકાથી વધાવવામાં આવે છે એ બાબત પણ સૌને વધુ જુસ્સાથી કામ કરવાની પ્રેરણા આપે છે. વિદાય લેતા પ્રમુખ અને તેમની ટીમ તેમના કાર્યકાળની કામગીરીનો હિસાબ આપે છે અધુરાં રહેલાં કામનો હવાલો સોંપે છે. સૌને આપણા સમાજ માટે કશુંક સારું અને વિશિષ્ટ કામ કરવાની ધગશ અને ખેવના છે. નાના-મોટા હોદ્દા મેળવ્યા પછી પદ માટેની યોગ્યતા કેળવવાની અને પોતાને કાર્ય માટે કુશળ અને સક્ષમ પુરવાર કરવાનો તરવરાટ જોવા મળે છે. નેતૃત્વ પરિવર્તન સાથે સ્વાભાવિક રીતે જ કારોબારી ટીમમાં પણ નવી ઊર્જા, નવી આશાનો સંચાર થાય છે. સમાજની અપેક્ષાના પડકારને પહોંચી વળવા માટેનાં આયોજનો વિચારાય છે. યુવા અને મહિલાઓ માટેની પ્રવૃત્તિઓને પ્રાધાન્ય મળતું થયું છે. સમાજના પ્રશ્નોના નિરાકરણ માટે નવી દૃષ્ટિ, નવા વિચારોને સ્થાન આપવાની મથામણ ચાલે છે. આખરે તો એક જીવંત, ચેતનવંતા સમાજના જ આ લક્ષણો છે.

સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં શાંતિમય રીતે નેતૃત્વ પરિવર્તનની આ ઘટનાઓનો વિશેષ ઉલ્લેખ કરવાનું કારણ એ છે કે આપણા સમાજની ટોચની બે સંસ્થાઓમાં જે થઈ રહ્યું છે, એવા જ પ્રકારના પરિવર્તનોની હવે આપણા શહેરો અને નાના-મોટા નગરોમાં કાર્યરત મહાજન સંસ્થાઓમાં પણ આવશ્યકતા અને અનિવાર્યતા અનુભવાય છે. આપણી મહાજન સંસ્થાઓમાં નવા લોહીને, યુવાનોને સામેલ કરવાની, તેમને કામની તક આપવાની જરૂરત છે. સર્વત્ર ચોક્કસ સમયગાળા પછી નેતૃત્વ પરિવર્તન અનિવાર્ય બનવું જોઈએ. સમાજની અપેક્ષાઓ વધી છે. આપણો સમાજ સમયની સાથે કરવટ બદલી રહ્યો છે. આ સમયની સાથે ચાલી શકે એવા નેતૃત્વની તેને જરૂર છે અને એટલે જ શ્રી લોહાણા મહાપરિષદ અને અખિલ ગુજરાત લોહાણા સમાજ જેવી નેતૃત્વ પરિવર્તનની શૈલી ગામે ગામ અપનાવવામાં આવે અને સમાજના સંગઠનને મજબુતી સાથે ગતિ આપવામાં આવે એ દિશામાં સૌ પ્રવૃત્ત બને એ જ અભ્યર્થના...

**- તરૂણ દત્તાણી**

## અપીલ

માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદનું મુખપત્ર શ્રી રઘુકુળ વિશ્વ દર મહિને નિયમિત રીતે પ્રસિદ્ધ થાય છે ત્યારે આ મુખપત્ર વધુ ને વધુ પરિવારો સુધી પહોંચે તે આપણા સૌની સહિયારી જવાબદારી છે. નવી મુંબઈ મુકામે યોજાનારી અગામી કારોબારી સમિતિની બેઠક દરમ્યાન દરેક પ્રદેશ / વિસ્તારમાંથી નવા આજીવન સભ્યો ઉમેરાય એ માટે આપ માધ્યમ બની શ્રી લોહાણા મહાપરિષદના સેવાકાર્યમાં આપનું યોગદાન આપશો. શ્રી રઘુકુળ વિશ્વના આજીવન સભ્યપદ માટે આપના વિસ્તારના હોદ્દેદારશ્રીઓનો સંપર્ક કરી શકશો અથવા તો મધ્યસ્થ કાર્યલય પર સંપર્ક કરી આજીવન સભ્યપદ કાયમ કરશો. ''શ્રી રઘુકુળ વિશ્વ''ના આજીવન સભ્ય બનવા માટે રૂા. ૨,૦૦૦/-નો ચેક ''શ્રી લોહાણા મહાપરિષદ''ના નામનો ચેક આપના શહેરમાં બેંક ઓફ બરોડા (ખાતા નં. ૩૦૩૭૦૧૦૦૦૦૨૩૧૩) , IFSC (BARBOSGHAHM), (એસ.જી.હાઈવે શાખા, અમદાવાદ-૩૮૦૦૫૪)માં જમા કરાવી આપના સરનામાની વિગત મધ્યસ્થ કાર્યાલય પર જણાવવા વિનંતી.



## શ્રદ્ધા સુમન

# પૂજ્ય જયસુખરામબાપાને માતૃસંસ્થાની ભાવભીની અંજલી

અન્નદાનની આહલેક સમગ્ર વિશ્વમાં જગાડનાર પૂજ્ય જલારામબાપાના (વીરપુર)ના ચોથી પેઢીના વંશજ પૂજ્ય જયસુખરામબાપા પંચમહાભૂતમાં વિલિન થયા છે. પૂ.જલારામબાપાના પુત્રી જમનાબેનના પુત્ર કાળાભાઈ અને તેના પુત્ર હરીરામબાપાના પુત્ર ગીરધરબાપાના પુત્ર તેમજ વિરપુરના વર્તમાન ગાદીપતિ રઘુરામબાપાના પિતાશ્રી સ્વ.જયસુખરામ બાપા બાળપણથી જ સેવાના ભેખધારી હતા. જલારામ મંદિર દ્વારા ચાલતા અન્નક્ષેત્રમાં તેઓ સતત સેવા આપવા ખડેપગે રહેતા હતા. આ ઉપરાંત પૂર, ભૂકંપ જેવી કુદરતી હોનારત વખતે દેશ બાંધવોને મદદરૂપ બનવા તેઓ જલારામ મંદિરના નેજા હેઠળ રાહત સામગ્રી, વસ્ત્રો સહિતની સેવા પ્રવૃત્તિ કરતા હતા. શ્રી જલારામ બાપા દ્વારા શરૂ કરાયેલી અન્નદાનની આહલેકને તેઓએ પણ પરિવારની સાથે પોતાનો જીવનમંત્ર બનાવી લીધો હતો. સાધુ-સંતો અને જલારામબાપાના દર્શનાર્થે આવતા કોઈપણ ભાવિકો ભોજન પ્રસાદ લીધા વગર ન જાય તે માટે તેઓ સતત પ્રવૃત્ત રહેતા હતા. જલારામ મંદિર દ્વારા ચાલતા અન્નક્ષેત્રમાં તેઓની સેવા અવિસ્મરણીય બની રહી છે.

જલારામ (વીરપુર) મંદિરમાં દાન-ભેટ લેવાનું બંધ કરવાનો ઐતિહાસિક નિર્ણય જ જયસુખરામબાપાએ લીધેલ મંદિરમાં કોઈ જ દાન-ભેટ સ્વીકારતા આવતી નથી, જે વિશ્વભરમાં બેજોડ છે. તા. ૨૭ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ દેહાવસાનનાં સમાચાર સાંભળતા જ પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર, ખજાનચી શ્રી હિમતભાઈ કોટક તથા અન્ય તમામ વરિષ્ઠ હોદ્દેદારો વિરપુર મુકામે અંતિમ દર્શન કર્યા હતા. સ્વ.ગીરધરરામબાપા પરિવાર, સ્વ. નટવરલાલ ગીરધરરામ પરિવાર, રસિકલાલ ગીરધરરામ પરિવાર તેમજ સ્વ.જયસુખરામ બાપાના સંતાનો વીરપુરના હાલના ગાદીપતિ રઘુરામબાપા, ભરતભાઈ પુત્રીઓ શીલાબેન અને કિર્તીબેન અને સર્વે જલારામ ભક્તોએ દિલસોજી પાઠવી હતી. પૂ. જયસુખરામબાપાનો દેહ પંચમહાભૂતમાં વિલિન થયો તે દિવસે ભારતભરના જલારામ મંદિરોમાં જલારામ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મુંબઈ, મુલુંડ, કોઈમ્બતુર, કોલકાતા, પૂના, આણંદી, ચોટીલા, અમદાવાદ, ડીસા, સુરત, પાટણ, ગાંધીનગર, જામનગર, જૂનાગઢ, નાગપુર, ભૂજ, ગાંધીધામ, રાજકોટ, હારીજ સહિત અનેક શહેરોમાં જલારામ ધૂનનું આયોજન કરી પૂ. જયસુખરામબાપાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ. આ ઉપરાંત અમદાવાદથી વિરપુર જવા માટે તમામ શ્રધ્ધાળુઓ માટે તા. ૧-૯-૨૦૧૬ને ગુરુવારના રોજ પૂ.જયસુખરામબાપાની શ્રધ્ધાંજલિ માટે સમસ્ત લોહાણા મિલનના પ્રમુખ શ્રી નીતીનભાઈ ઠક્કર તરફથી બસોનું પણ આયોજન કરવામાં આવેલ.



# સમાજની આજ અને આવતીકાલ...



મૂળભૂત રીતે જોઈએ તો હું ઉમંગ ઠક્કર કન્સ્ટ્રક્શન અને હોટેલના વ્યવસાય સાથે સંકળાયેલો છું અને કદાચ ગુજરાતમાં ''એફોર્ડેબલ હાઉસીંગ''ના પ્રણેતા તરીકે પ્રસ્થાપિત થયેલ છું. અમદાવાદ તેમજ સૂરત વગેરે શહેરોમાં ૧૨૫ ઉપરાંત સ્કીમ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ છે. આ ઉપરાંત અમદાવાદના હાર્દસમાન આશ્રમરોડ ઉપર સાત જેટલો હોટલો ધરાવું છું અને ગુજરાતનાં ગૌરવ સમાન ''નિલકંઠ પતંગ હોટલ - ધ રીવોલ્વીંગ હોટલ''ની પણ માલિકી ધરાવું છું.

ઘણાં વર્ષોથી સમાજ સેવા થકી વિવિધ સંસ્થાઓનું પ્રતિનિધિત્વ તેમજ નેતૃત્વ કરવાની તક પ્રાપ્ત થયેલ છે અને અમદાવાદમાં કાર્યરત ''લોહાણા મિલન''ના માધ્યમથી લોહાણા સમાજની સેવા કરવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો હતો ત્યારબાદ સમગ્ર ગુજરાતના લોહાણા મહાજન તેમજ મહિલા મંડળો, યુવક મંડળો જેવી અંદાજીત ૪૫૦ જેટલી સંસ્થાઓનું નેતૃત્વ કરતી સંસ્થા અખિલ ગુજરાત લોહાણા સમાજનું નેતૃત્વ કરવાની તક વર્ષ ૨૦૧૨થી ૨૦૧૬નાં સમયગાળા માટે પ્રાપ્ત થયું. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના તત્કાલીન પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી, માનનીય શ્રી પરેશભાઈ ભૂપતાણી, શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિંમતભાઈ કોટક તેમજ શ્રી ઠાકોરભાઈ ઠક્કરની વરણી સમિતિ દ્વારા સર્વાનુમતે તા. ૨૭-૫-૧૨ના રોજ અખિલ ગુજરાત લોહાણા સમાજનું નેતૃત્વ સોંપવામાં આવ્યું. પ્રમુખપદ મળ્યા બાદ એક જ વિચાર સતત પ્રજ્જ્વલિત રહેતો કે નવી દૃષ્ટિ સાથે આપણાં ગૌરવવંતા લોહાણા સમાજ માટે અનેકવિધ રચનાત્મક કાર્યો કરવા યાત્રા શરૂ થઈ પત્રકાર વર્કશોપથી. ત્યારબાદ લીડરશીપ વર્કશોપ, સમગ્ર ગુજરાતની સંગઠન યાત્રા, ચુનંદા કાર્યકર્તાઓની વિશાળ ટીમની ભવ્યાતિભવ્ય શપથવિધિ, માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના ષષ્ઠમ વૈશ્વિક અધિવેશનની યજમાની, સંગઠન અને સંકલન માટે અલાયદા કાર્યાલયની શરૂઆત, સમાજ ઉપયોગી વિવિધ સાહિત્યનું પ્રકાશન તેમજ ત્રિમાસિક મુખપત્ર ''લોહાણા વિઝન એન્ડ મિશન''નું નિયમિત પ્રકાશન, થેલેસેમીયા જાગૃતિ માટે વિશાળ રેલીનું આયોજન, ફ્રીડમ એટ મીડનાઈટ - દેશભક્તિનો સુંદર કાર્યક્રમ અને મશાલ રેલી, સમગ્ર ગુજરાતના લોહાણા સમાજનાં વિવિધ બ્રાન્ચના ડોક્ટરો માટે વર્કશોપ તેમજ મેડિકલ ડિરેક્ટરીનું પ્રકાશન, નિરોગી જીવન શૈલી શિબિર, યાત્રા પ્રવાસ, મહિલા સંમેલન (ભાવનગર) મહિલા શક્તિને સન્માનિત કરતો ઐતિહાસિક ''નારી શક્તિના ઓવારણાં'' કાર્યક્રમ, અપરિણીત યુવક-યુવતિઓ માટે માર્ગદર્શન શિબિર, સમસ્ત ગુજરાત રઘુવંશી વક્તૃત્વ તથા નિબંધ સ્પર્ધા, સમસ્ત ગુજરાત રઘુવંશી રમતોત્સવ, યુવા વ્યક્તિત્વ શિબિર, ચિંતન શિબિર, સાજન-સજની, વડીલ વંદના તેમજ એક જ દિકરી ધરાવતા પરિવારોનું સન્માન જેવા અનેક કાર્યક્રમો આ ચાર વર્ષના કાર્યકાળ દરમ્યાન સમાજના દરેક વર્ગને જેવા કે વડીલ વર્ગ, મહિલા વર્ગ, યુવા વર્ગ, બાળ વર્ગ તમામને સમાજ સાથે જોડવાનો વિનમ્ર પ્રયાસ કર્યો હતો અને તમામ હોદ્દેદારો અને સમગ્ર સમાજ તરફથી મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદથી ખૂબ જ સફળતા પ્રાપ્ત થઈ.

કોઈપણ મહાજન, ટ્રસ્ટ કે સામાજિક સંસ્થા પ્રગતિ જે તે સંસ્થા દ્વારા કરવામાં આવતા વિવિધ કાર્યક્રમોમાં કેટલું નવીનીકરણ છે તે કાર્યક્રમો યુવા અને મહિલાઓને વધુ ને વધુ કેવી રીતે ઉપયોગી બની શકે તે જોઈ અને આયોજન કરવામાં આવે તેની ઉપર રહેલી છે. છેલ્લા કેટલાય વર્ષોથી જૂની પ્રણાલિકા પ્રમાણે ચાલતા આવતા કાર્યક્રમો પ્રમાણે ઘણા બધા પરિવર્તનોની આવશ્યકતા છે જેને હું સમજું છું ત્યાં સુધી વડીલોના માર્ગદર્શન નીચે યુવાન મિત્રો વધુ સારી રીતે આયોજન કરી શકે. છેલ્લા ૪ વર્ષોમાં અખિલ ગુજરાત લોહાણા સમાજના માધ્યમથી મને પ્રમુખ તરીકે કામ કરવાની જે તક મળી હતી તેમાં ઉપર જણાવ્યા મુજબ અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરી એક નવી દિશા આપવાનો મેં નમ્ર પ્રયાસ કર્યો છે. કોઈપણ કાર્યક્રમના આયોજનની પહેલાં આ કાર્યક્રમની ફળશ્રુતિ અને ઉદ્દેશ અંગે આગોતરી વિચારણા કરવામાં આવે તો આજના સમયમાં યોજનારા ઘણા બધા સામાજિક કાર્યક્રમોનો ઢાંચો બદલાઈ શકે અને સમાજ અને મહાજનોથી એક અંતર રાખતા જાણીતા ઉદ્યોગપતિઓ કે પોતાના ક્ષેત્રમાં સારી ઊંચાઈએ પહોંચેલા પ્રતિષ્ઠિત નાગરિકો પણ આપણી સામાજિક સંસ્થાઓથી વધુ નજીક આવશે તેવું હું સમજું છું.

**એજ્યુકેશન સ્કોલરશિપ - ૨૦૧૬ :** શૈક્ષણિક વર્ષ ૨૦૧૬ માટે સ્વ. રોનક પ્રતાપરાય દત્તાણી એજ્યુકેશન ફાઉન્ડેશન અંતર્ગત વર્ષ ૨૦૧૬ માટે કુલ ૬,૨૦૦ અરજીઓ મળેલ છે તેમાંથી ૨૩૦૦ વિદ્યાર્થીઓને રૂા. ૧,૨૦૦, ૧૭૦૦ વિદ્યાર્થીઓને રૂા, ૨,૨૦૦ તથા ૨૨૦૦ વિદ્યાર્થીઓને રૂા. ૩૨૦૦ અર્પણ કરવામાં આવી રહેલ છે. આ ઉપરાંત જે વિદ્યાર્થીના પિતા હયાત ન હોય તેમને રૂા. ૧૦૦૦ વધારાના પણ શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આપવામાં આવેલ છે. તા. ૫ સપ્ટેમ્બર સુધીમાં જે જે મહાજનોના ૩૦ ટકા સહયોગના ચેકો મળેલ છે તે તમામને ૧૦૦ ટકા રકમના વિદ્યાર્થીઓના ચેકો માતૃસંસ્થા તરફથી મોકલી આપવામાં આવેલ છે.



અત્રે ઉલ્લેખનીય છે કે શિક્ષણ સમિતિના સ્થાનિક સભ્યો સાથે શ્રી ધર્મેશભાઈ હરિયાણીની અધ્યક્ષતામાં તેમની ઓફિસે મળેલી મીટીંગમાં આર્થિક સહાય ઉપરાંત પણ શિક્ષણ સમિતિ દ્વારા કરવા યોગ્ય કાર્ય પ્રવૃત્તિઓ અંગે વિગતે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. સમાજના દિકરા-દિકરીઓને ભવિષ્યમાં કારકિર્દીની પસંદગી માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટે તમામ વિષયમાં તજજ્ઞ શિક્ષણવિદો કે નિષ્ણાતોની યાદી તૈયારી કરી સમાજના યુવાનોને નિઃશુલ્ક તૈયાર કરવા માટે પણ ચર્ચા-વિચારણા કરવામાં આવેલ. આ ઉપરાંત, વિવિધ પ્રકારના પ્રશિક્ષણ વર્ગો કે ઉચ્ચ અભ્યાસ માટે પ્રોત્સાહન મળી શકે તેવી શિબિરોનું પણ આયોજન કરવાનું વિચારેલ. આ મીટીંગમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક ઉપસ્થિત રહેલ.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીની જરૂરિયાત અને તેજસ્વીતાને ધ્યાનમાં લઈ રૂા. ૨૫૦૦૦ની મર્યાદામાં પણ માતૃસંસ્થા દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે આ સહાય માટે ફંડ એકત્રિકરણ તેમજ ઇન્ટરવ્યુ શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણી તથા તેમની ટીમના સભ્યો દ્વારા કરવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ માટે શ્રી કે. સી. ઠક્કર તેમજ શ્રી ધર્મેશભાઈ હરિયાણીનો સુંદર સહયોગ મળી રહેલ છે. આ જ રીતે સમાજના અન્ય દાતાઓના પણ આશીર્વાદ મળે તો માતૃસંસ્થા વધુ ને વધુ વિદ્યાર્થીઓને વ્યાપક રીતે મદદ કરી શકશે. આ સેવાયજ્ઞમાં આપ સૌને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે માધ્યમ બનવા માટે અમો હૃદયપૂર્વકની અપીલ કરીએ છીએ.





શશીકાંત કાનાણી
કન્વીનર - એજ્યુકેશન સ્કોલરશિપ ૨૦૧૬

જીતેન્દ્ર કારીયા
કાર્યાલય મંત્રી

## દક્ષિણ ભારત



શ્રી લોહાણા મહાપરિષદના વાઈસ ગવર્નર અને ટ્રસ્ટી શ્રી પરેશભાઈ ભૂપતાણીની ચેન્નાઈ લોહાણા મહાજનના સભ્યો સાથેની શુભેચ્છા મુલાકાત હોટલ ક્રાઉન પ્લાઝા, ચેન્નાઈ ખાતે તા.૨૭ ઓગસ્ટના રોજ યોજાઈ. આ મુલાકાતમાં શ્રી લખુભાઈ રાયઠઠ્ઠા, શ્રી પ્રદિપભાઈ, શ્રી રાજેશભાઈ, શ્રી યજ્ઞેશભાઈ ઠક્કર, શ્રી ભરતભાઈ પૂજારા, શ્રી અશોકભાઈ, સુશ્રી મનીષાબેન રૂપારેલીયા, શ્રી બિપિનભાઈ ઠક્કર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ કાર્યપ્રવૃત્તિઓ અંગે ચર્ચા તથા દક્ષિણ ભારતમાં સેવાકીય પ્રવૃત્તિઓને ગતિશિલ બનાવવા માટે પણ શ્રી પરેશભાઈએ જરૂરી સૂચનો કર્યા હતા.

## મહારાષ્ટ્ર

તા. ૧૪-૮-૨૦૧૬ ના રોજ બોટ ક્લબ પૂના ખાતે મહારાષ્ટ્રના પૂના વિસ્તારના મહાજનો સાથેની મીટીંગ યોજાઈ જેમાં મહાજનશ્રીની વિવિધ પ્રવૃત્તિઓ તથા સંકલન અંગે માહિતીનું આદાનપ્રદાન થયું. આ મિટિંગમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, મંત્રીશ્રીઓ હિમાંશુભાઈ ઠક્કર, શ્રી પિયુષભાઈ ગંઠા, સુશ્રી રીટાબેન ઠક્કર, ડો. સુરેશભાઈ પોપટ, શ્રી ચેતનભાઈ બાટવિયા, શ્રી શંભુભાઈ હરિયાણી સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પૂના હાલાઈ ઘોઘારી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ધીરૂભાઈ રાજા, શ્રી કચ્છી લોહાણા મહાજનના પ્રમુખ શ્રી રમેશભાઈ કામાણી તથા અન્ય સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગનું પાંચ મુખ્ય ઝોનમાં વિભાજન કરી દરેક ઝોન / પ્રદેશના મહાજનોને આગોતરી જાણ કરી મહાપરિષદની કાર્યપ્રવૃત્તિઓથી અવગત કરી સૌને સાથે જોડવાનો પ્રયાસ વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર તથા મંત્રી શ્રી પિયુષભાઈ ગંઠા અને મહારાષ્ટ્રના વિભાગીય હોદ્દેદારોની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવેલ. આગામી દિવસોમાં મહારાષ્ટ્રના તમામ મહાજનો / સંસ્થાઓની સુવ્યવસ્થિત યાદી જરૂરી માહિતી સાથે તૈયાર કરી માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના કાર્યાલય પર મોકલી આપવામાં આવશે.

- કેતન પાબારી

## સૌરાષ્ટ્ર

સૌરાષ્ટ્રમાં વિવિધ મહાજનશ્રીઓની મુલાકાત લઈ શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ પ્રવૃત્તિઓથી તેમને માહિતગાર કરવા માટે વિભાગીય ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ ચંદારાણા દ્વારા ૩૨ યુવાનોની ટીમ બનાવી તેમને આસપાસના લગભગ ૮૮ જેટલા મહાજનોની મુલાકાત લીધી હતી અને તેમના પ્રતિભાવ તેમજ આગામી વર્ષો માટે તેમની શ્રી લોહાણા મહાપરિષદ પાસે અપેક્ષાઓ અંગે પણ જાણકારી આપી હતી. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ સંગઠન શ્રી નીતિનભાઈ રાયચુરા તથા શ્રી હસુભાઈ ભગદેવના માર્ગદર્શન હેઠળ થયેલ આ શરૂઆતથી મહાજનશ્રીઓના ભવિષ્યમાં ખુબ રાજીપો વ્યક્ત કર્યો હતો અને નજીકના ભવિષ્યમાં તમામ મહાજનશ્રીઓના પ્રમુખ / મંત્રીના વર્કશોપના આયોજન અંગે પણ મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરના પ્રસ્તાવને સૂચન આપતા ટૂંકમાં જ આ પ્રકારના કાર્યક્રમનું આયોજન કરવાનું વિચારેલ છે.

થેલેસિમિયા નાબુદી અભિયાન અંતર્ગત થેલેસિમિયા મેજરથી પિડિત લગભગ ૧૦૦ જેટલા બાળકોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી તથા ગૃહરાજ્યમંત્રીશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને તેમને સમસ્યાઓથી અવગત કરાયા હતા. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવીણભાઈ કોટક થી થેલેસિમિયા સમિતિના અધ્યક્ષ ડો. રમેશભાઈ ભાયાણી, શ્રી ભરતભાઈ ઉનડકટ, સંયુક્ત મંત્રીશ્રી મિત્તલભાઈ ખેતાણી, થેલેસેમિક સોસાયટીના શ્રી પ્રફુલભાઈ જોષી, શ્રી ભાસ્કરભાઈ પારેખ, શ્રી ડેનિસભાઈ આડેસરા, શ્રી જીતુલભાઈ કોટેચા, શ્રી દિલીપભાઈ ચત્તવાણી, ડો. રવિ ધાનાણી તથા અમદાવાદથી માતૃસંસ્થાના અન્ય હોદ્દેદારો સાથે જોડાયા હતા. યોગેશ પૂજારા - રાજકોટ







# યુવા વિભાગ



સંકલન - યમેશ ઠકરાર




તા.૨૭-૮-૨૦૧૬ ને શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના મધ્યસ્થ કાર્યાલય ઉપર યુવા વિભાગની રાષ્ટ્રીય બેઠક શ્રી અજયભાઈ વડેરાના અધ્યક્ષસ્થાને મળી. આ મીટીંગમાં વિભાગીય યુવા અધ્યક્ષો ઉપરાંત વિવિધ વિસ્તારોમાંથી આમંત્રિત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. રઘુવંશી ધ્વજવંદન ગીતથી મીટીંગની શરૂઆત થયા બાદ ગુજરાત વિભાગના અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્યએ સૌને આવકાર્યા હતા. તમામ ઉપસ્થિત વરિષ્ઠ હોદ્દેદારો તથા યુવા સભ્યોએ પરસ્પરનો પરિચય આપી આત્મીયતા કેળવવાનો નમ્ર પ્રયાસ કર્યો હતો. રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરાએ યુવા વિભાગ દ્વારા કરવા યોગ્ય વિવિધ પ્રવૃત્તિઓ અંગે સૌને માહિતગાર કર્યા હતા. યુવા વિભાગ દ્વારા હાથ ધરાયેલ મિસ્ડકોલ પ્રોજેક્ટને વ્યાપક બનાવવા તેમજ સમસ્ત રઘુવંશી સમાજનો ડેટાબેઝ તૈયાર કરવા માટે પણ જરૂરી માળખું તૈયાર કરી આ દિશામાં આગળ કાર્ય હાથ ધરવાની હિમાયત કરી હતી. આ પ્રસંગે મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ કાર્યપ્રવૃત્તિઓથી સૌને માહિતગાર કરી યુવાધનને સંકલિત કરવા માટે અનુરોધ કર્યો હતો. શ્રી હિમાંશુભાઈએ તમામ વિભાગીય હોદ્દેદારો તથા મહાજનશ્રીઓ સાથે સંકલન કરી દરેક વિભાગમાંથી ૨૦૦થી ૩૦૦ સમર્પિત યુવાનોની ટીમ બનાવી માતૃસંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ ઘર ઘર સુધી પહોંચે તે માટે વિવિધ સૂચનો કર્યા હતા. આ મીટીંગમાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ (સંકલન) શ્રી ભાવેશભાઈ લાખાણી, રાષ્ટ્રીય યુવા અધ્યક્ષ શ્રી નરેશભાઈ ઠક્કર, ખજાનચીશ્રી હિંમતભાઈ કોટક, ઉત્તર ગુજરાતના પી.આર.ઓ. શ્રી વિનોદભાઈ ગોકલાણી તથા માતૃસંસ્થાના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે યુવાનોને ખુબ સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. પ્રમુખ શ્રી પ્રવિણભાઈએ યુવાનોને આ સેવાયજ્ઞમાં આગળ આવવા બદલ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા. આ મીટીંગમાં પૂનાથી શ્રી અમિતભાઈ દાસાણી તથા ધવલભાઈ પરમાણી, મુંબઈથી શ્રી નિખિલભાઈ સુબા, શ્રી ધર્મેશ પુજારા, શ્રી પ્રશાંત વિઠ્ઠલાણી, શ્રી ભાવેશ ગોટેચા, હિતેષ સુતરીયા, તથા કચ્છથી અતુલભાઈ મજીઠિયા, ભાવેશ સોમેશ્વર, યશ દક્ષિણી, નિલેષ ઠક્કર અમદાવાદથી ભવદીપ ગણાત્રા રાકેશ પુજારા, ધર્મેશ ઠક્કર, ડો. પંકજ નથવાણી, મનુભાઈ ગોકલાણી, દિપકભાઈ ઠક્કર, રોહિત મિરાણી, તુષાર આચાર્ય, સાવન ઠક્કર, ગાંધીનગરથી પ્રિતેશ ઠક્કર તથા જિગ્નેશ ઠક્કર, ભાવનગરથી સુમિત ઠક્કર તથા નિલેષ ઠક્કર, સુરતથી વ્રજેશ ઉનડકટ, ઋષિ નથવાણી રાજકોટથી ચંદ્રેશ પોપટ, જીતુલમણિયાર, મેહુલ નથવાણી, ધર્મેશ ગઢીયા તથા અન્ય યુવાન મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી પ્રવિણભાઈએ મીટીંગ પૂર્ણ થયા બાદ સૌને પોતાના નિવાસસ્થાન પર આમંત્રિત કરી સૌ સાથે ઘરોબો કેળવ્યો હતો. મીટીંગમાં તમામ હાજર સભ્યોએ પોતપોતાના વિચારો સંકલ્પો તથા સૂચનો રજૂ કર્યા હતા. મીટીંગના અંતે ગુજરાત વિભાગના અધ્યક્ષ શ્રી ધવલભાઈ આચાર્ય તથા સંયુક્ત મંત્રી શ્રી રઘુવીરભાઈ ગઢિયા દ્વારા પૂ. જલારામબાપાની સુંદર પ્રતિકૃતિ ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. લગભગ રાત્રે ૧૦.૩૦ કલાકે શ્રી પ્રવિણભાઈ કોટકના નિવાસસ્થાનેથી સૌ અનેરા ઉત્સાહના સંચાર સાથે પોતપોતાના વિસ્તારમાં પરત જવા રવાના થયા હતા. સમગ્ર મીટીંગનું સંચાલન સંયુક્ત મંત્રી શ્રી હરીશભાઈ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.





# મહિલા વિભાગ



સંકલન - કાશ્મીરા નથવાણી




મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિ દ્વારા 'રિસ્તે બચાવો' કાર્યક્રમ નાસિક મુકામે ખીમજી ભગવાન આરોગ્ય ધામ ખાતે ૩-૯-૨૦૧૬ના રોજ યોજાઈ ગયો. બહેનોની ઘણી સારી હાજરી હતી. મુંબઈ સહ મહારાષ્ટ્ર સમિતિની આવેલ બહેનોનું મહારાષ્ટ્રીયન વેશભૂષાથી સજ્જ દિકરીઓએ કુમકુમ તિલક કરી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા અધ્યક્ષ શ્રી રશ્મિબેન વીઠલાણી, વિભાગીય ઉપપ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, મહાજન પ્રમુખ શ્રી દિલીપભાઈ અને દિગ્વિજયભાઈ દ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ ભક્તિ નૃત્ય કરવામાં આવેલ અને પછી રિશ્તે બચાવોની શરૂઆત કરવામાં આવી. જેમાં કુટુંબ, પતિપત્નીના સંબંધો, માતા-પિતાના બાળકો સાથેના સંબંધો, સાસુ-સસરા અને વહુના સંબંધોનો ઉકેલ તેમજ વિડીયો ક્લીપ બતાવવામાં આવી. આ મીટીંગમાં રશ્મિબેન સાથે નાસિકથી અંજુબેન પંચમતીયા અને જ્યોતિબેન રાયચુરા, નવી મુંબઈથી શિલ્પાબેન કારીયા, પૂણેથી પ્રિતિબેન નાગ્રેચા તથા અવનીબેન કુટમુટીયા, ઔરંગાબાદથી રીટાબેન ઠક્કર, માલેગાંવથી સોનલબેન રાયચુરા, થાણેથી વાસંતીબેન ગોકાણી, મુંબઈથી રજનીબેન સાયાણી, જ્યોતિબેન ઠક્કર, અનસુયાબેન ઠક્કર, શોભાબેન સુબા હાજર રહ્યા હતા તેમજ નવી મુંબઈ, થાણા, ઔરાગાબાદ અને મુંબઈથી બહેનો આવી કાર્યક્રમમાં હાજરી આપી હતી. તેમજ મુંબઈ સહ મહારાષ્ટ્ર મહિલા સમિતિની મીટીંગ લેવામાં આવી જેમાં ઓક્ટોબર મહિનાથી માર્ચ મહિનાના કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યા. ઓક્ટોબરમાં કલ્યાણ, નવેમ્બરમાં નવી મુંબઈ, જાન્યુઆરીમાં થાણે, ફેબ્રુઆરીમાં સાંગલી, માર્ચમાં મુલુંડ ખાતે કાર્યક્રમોનું આયોજન થશે. આ સમગ્ર મીટીંગ દરમિયાન શ્રી નાસિક લોહાણા મહાજન તેમજ ખીમજી ભગવાન ટ્રસ્ટે સહકાર આપ્યો હતો.



## સલાહકાર સમિતિ

સમગ્ર રઘુવંશી સમાજમાં સૌહાર્દપૂર્ણ વાતાવરણ બન્યું છે ત્યારે માતૃસંસ્થાશ્રી લોહાણા મહાપરિષદ આ કાર્યથી ગતિશીલ બની છે. જ્ઞાતિગંગાના આ અવિરત પ્રવાહમાં સમાજની પ્રગતિનો માર્ગ પ્રશસ્ત કરી સમાજ માટે વિશેષ સેવાકીય પ્રોજક્ટમાં માધ્યમ બની શકે તથા સમાજને ભેગા રાખી શકે તેવા પીઢ, અનુભવી તથા સમાજસેવી ૩૧ સભ્યોની સલાહકાર સમિતિની રચના કરી આ તમામ સભ્યોના નામ તારીખ ૨૪-૨૫ સપ્ટેમ્બર ૨૦૧૬ના રોજ નવી મુંબઈ મુકામે યોજાનાર કારોબારી સમિતિની બેઠકમાં જાહેર કરવામાં આવશે. માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે નિર્માણ પામેલી તમામ મિલકતોનો સુચારુ ઉપયોગ, વિદેશમાં વસતા રઘુવંશી પરિવારો સાથે વિશેષ સંપર્ક કરી સંગઠનને મજબૂત બનાવવું તથા વ્યાપાર ઉદ્યોગને પ્રોત્સાહન જેવા સમાજના વિકાસલક્ષી મુદ્દા ઉપર આ સલાહકાર સમિતિ જરૂરી સેવાકાર્ય હાથ ધરશે.

મહેન્દ્ર ઘેલાણી, અધ્યક્ષ, સલાહકાર સમિતિ

## હાર્દિક શુભેચ્છા સહ




ISCON
BUILDING THE FUTURE

**તલકશીભાઇ દલછારામ કોટક, પરિવાર**
**પ્રવિણ ટી. કોટક, ચેરમેન ઇસ્કોન ગ્રુપ**
**જયેશ ટી. કોટક - ઈસ્કોન ગ્રુપ**

## હૃદયપૂર્વકની અપીલ

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા જરૂરિયાતમંદ પરિવારોને
સશક્ત બનાવવા આરોગ્ય અને શિક્ષણના સેવાયજ્ઞમાં
આપ પણ ટીપે ટીપે સરોવર ભરાય તે નાતે
યથાયોગ્ય યોગદાન આપી ધન્યતા અનુભવશો
એ જ અભ્યર્થના સહ.

મોહન ટી ઠક્કર, ટ્રસ્ટી, શ્રી લોહાણા મહાપરિષદ (૦૯૮૨૧૦ ૪૩૮૭૮)

## હાર્દિક શુભેચ્છા સહ

**સુરેશભાઈ એચ. ચંદારાણા પરિવાર**
**ઉપપ્રમુખ (સૌરાષ્ટ્ર વિભાગ), રાજકોટ**
**૯૮૨૪૦૬૬૩૭૫**

THE FERN
HOTELS & RESORTS
Leading environmentally sensitive hotels

**Nitin Raichura**
**98251 75353**

Aan Automobile

Shri Ram Sarvjanik Hospital, Sec.

Shree Grurukupa
Shraddha Realities Pvt. Ltd.
Builders & Developers

Saurastra Cricket Association, Tre.

The Ferm Hotels

The Fern Residency, Kuwadva Road, Rajkot.
E-mail : nitin@sgsrgroup.com

## શ્રી ભરત હંસરાજ દનાણી



પ્રભારી - શ્રી લોહાણા મહાપરિષદ
મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ
સર્વ લોહાણા જ્ઞાતિજનોને હાર્દિક શુભેચ્છા
તથા
જય ઝૂલેલાલ

**ROYAL | EXPRESS**
BETTERING TOMORROW



www.royalexpressbus.com

DAILY SERVICE: 2X1, A/C & NON A/C SLEEPER & SEATING COACH
GANDHIDHAM-BHUJ-MUNDRA-MANDVI-ADIPUR-ANJAR
RAJKOT-JAMNAGAR-DWARKA-MITHAPUR-BARODA-SURAT-VAPI
UDAIPUR-AJMER-JAIPUR
MUMBAI-PUNE-NASIK-SHIRDI-AHMADNAGAR-DHULIYA-AURANGABAD

**DAILY PARCEL SERVICE  M.9909900176**

**Sandeep Jayakar**
Director - Operations
M : +91 93223 32038

**Universal Currency Exchange (I) Pvt. Limited**

Office : Shop No. 1, Chintamani Plaza, Andheri Kurla Road, Andheri (East)
Mumbai 400 099. Landline : 022 6500 0425 / 426 / 427
Email : sandeep@currencyexchange.net.in

**Gadhiya Travelhub Pvt. Ltd.**
Always at your service...

079 4008 2288

OUR SERVICES


Domestic & International Air Tickets


World Wide Hotel Booking


Car & Bus on Rent


Passport, Visa & Travel Insurance Assistance


Rail & Bus Tickets


Domestic & International Tour Packages

Address: UGF- 7, City Center, Swastik Char Rasta, Navrangpura, Ahmedabad - 380 009
Mo : +91 70433 34555, +91 85111 65053 Email : info@gadhiyatravels.com

## થેલેસેમિયા ભગાવો... સમાજ સુરક્ષિત બનાવો...

**હસુભાઈ ભગદેવ, રાજકોટ, ૯૩૭૭૩૫૬૮૦૧**

JTC

*Jalaram Transport Co.*

FLEET OWNERS TRANSPORT
CONTRACTORS & COMMISSION AGENT

H.O. : 3-Bhaktinagar Station Plot, Rajkot-2
Telefax : 0281-2482185 / 86 - 3290613
Mobile : 93773 56824 To 26
E-mail : jalaram.transport@yahoo.com
E-mail : jalaramtransportraj@gmail.com

માતુશ્રી ગોદાવરીબેન ગંગારામ પાંધી
પરિવાર-મુંબઈ (બિદડા-કચ્છ)ના
જય રઘુવંશ-જય મહાપરિષદ

શ્રીમતી : હેતલબેન નિતીન ઠક્કર (પાંધી) તથા
ધ્વનિ તેજસ ચોથાણી પરિવારના
- જય જુલેલાલ -

Hero

Bipin Batavia
Proprietor

**SHIVANG AUTOMOBILES**
Authorised Dealer Hero MotoCorp Ltd.

Showroom :
Near Old Mumbai Naka, New Mumbai-Agra Road, Nashik-422001.
Telephone : (0253) 2503121, 25003221 Fax : (0253) 2500679
Mobile : +91 9822034505 E-mail : shivang.nasik@heromotocorp.biz,
heromotocorp@shivangautomobilesindia.com

**હાર્દિક શુભેચ્છા સહ**

**ભરતભાઇ ચંદારાણા**
**પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**

**સુરેશભાઇ કોટક**
**પરિવાર, નાશિક**

**હાર્દિક શુભેચ્છા સહ**

**કિશનભાઇ સોમાણી**
**પરિવાર, નાશિક**

*A Divine Fragrance.....*

nandini®
AGARBATTI

**HEAD OFFICE :**
NANDINI AGARBATTI CO. PVT. LTD.
5/6, Ambedkar Shopping Centre,
Red Cross Chowk, Nashik - 422 001.
Maharashtra (INDIA)
Tel. : +91 253 - 2578816, 2578708
Fax : +91 253 - 2512400
Email : info@nandiniagarbatti.com
Website : www.nandiagarbatti.com

**WORKS :**
"Ushakiran" Nandini Nagar
Hirawadi Road, Panchvati,
Nashik - 422 003. Maharashtra (INDIA)
Tel. : +91 253 2511400

**YAMAHA**

Mahesh Thakkar
Partner

**TORQUE MOTORS**
Showroom : Shop No. 2, Komal Plaza,
Near INOX Cinemas, Nasik Pune Road,
Nasik - 422006
Ph : +91 94222 59554
E-mail : mahesh.torquemotors@gmail.com

*Torque Responsibly*

# મિસ કોલ પ્રોજેક્ટ...૯૯૦૯૯૦૦૧૨૩, પર અવશ્ય ફોન કરો

From celebrations to recreation to relaxation. Radisson, Kandla has it all.




Airport Road, Gandhidham, Gujarat, India - 370201. Tel: +91 2836 666666, 99798 45581 | www.radisson.com/kutchin

Radisson HOTEL KANDLA

---

**ભરતભાઈ રેલીયા, રાજકોટ**

**૯૮૨૫૦ ૭૮૯૫૯**

PHARMA Distributors


Near Moti Tanki, Rajkot - 360 001.
Ph. O.: 2446547 Ph. R.: 2572662
M.: 94269 30024 - 98250 78959
E-mail : pharma_relias@yahoo.co.in

---

National Chairman,
Skill Development Committee,
Shree Lohana Mahaparishad.

Youth President(Gujarat),
Akhil Gujarat Lohana Samaj.

**JIGNESH BHAJIAWALA**



+91 98796 22555 jigneshbhajiawala@gmail.com
40, Gayatri Society-1, Udhnagam, Udhna, Surat- 394210.

---

**GITA KOTAK LOSE 11 KG. IN 3 MONTH**

Lose Weight
&
Earn Income
Call For Appointment
Girish Kotak
+91 9173624590
+91 9426370926



Results Are Not Tripical & May Vary From Person to person

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**કરસનભાઈ મૂળજીભાઈ કતીરા**
**પરિવાર, નાશિક**

---

Project by :
DEV PROPERTIES
FF-111, Shiddhi Vinayak Complex, Opp. Railway Station, Farmaji Compound, Alkapuri, Vadodara.




187/12/B/1-2, Champalipura, Nr. CASA Paradise Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

187, Champalipura, Nr. Narmada Vasahat Chipad, Ta.: Waghodia, Dist.: Vadodara.

MARVELOUS PLASTICS

2/9, BIDC Gorwa, Gorwa Road, Vadodara - 390016.
Phone : +91 265 2286141 Mobile : 9825037976
E-mail : maganbhairupavel@yahoo.co.in
marvelousco@yahoo.co.in

---

UDIT INVESTMENTS

**Mukesh Chothani**
Certified Financial Consultant

- Mutual Funds • Investment
- Insurance • Retirement
- Tax Planning • I.P.O. & Bonds
- Co-Deposite & Loan Consultancy

2, First Floor, Amrut Chambers, Malegaon Stand, Panchavati, Nashik-422003
Tel. (O) 0253-2511136, 6565755, (M) 9822274907
E-mail _ namaskar37@gmail.com

PRESIDENT : GUNTAVNUK PRATINIDHI VIKAS SANSTHA, NASHIK

---

**હાર્દિક શુભેચ્છા સહ**

**યોગેશભાઇ કાનાણી**
**પરિવાર, નાશિક**

## કે. સી. ઠક્કર - ગાંધીધામ

B.E. (Civil) - Engg. & Developer

(M) : 98251 23321

ઉપપ્રમુખ (કચ્છ) - શ્રી લોહાણા મહાપરિષદ
પ્રમુખ : શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
પ્રમુખ : શ્રી માધવ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીધામ
ટ્રસ્ટી : શ્રી રામ કિશ્ન સ્ટર્લીંગ હોસ્પિટલ, ગાંધીધામ
ટ્રસ્ટી: શ્રી જલારામ રઘુવંશી લોહાણા કન્યા છાત્રાલય, રાપર
ટ્રસ્ટી : શ્રી લવજીભાઈ ઉકશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ, સામખીયારી
ટ્રસ્ટી : અખિલ ગુજરાત લોહાણા સમાજ

shop : 23682362

## S.S.THAKKAR

Farm Fair, next to IOC Petrol pump
warden Road, Mumbai - 400026.

JUGHEAD HOTDOGS & MORE! Bistro@ Coffee Break FARM FAIR CHINESE CUISINE baskin robbins

Jai Raghuvansh, Jai Mahaparishad

BK

## DAMYANTI FOOD PRODUCTS

*(a Unit of B.K. Group, Nagpur)*

Manufacturers Of :
Idli Rawa, Upma Rawa (roasted), Wheat Daliya, Wheat Flour, Maida, Wheat Rawa Roasted, Jada Poha In Attractive Consumer Packs

For Trade Inquiries Contact : M - 09423682727
E mail : bkcogroup@gmail.com

## હરીલાલ દયાળજીભાઈ ઠક્કર (રામાણી)

આદીપુર મો. ૯૮૭૯૧૩૮૧૫૩



વિભાગીય અધ્યક્ષ, કચ્છ - લગ્નવિષયક સમિતિ
શ્રી લોહાણા મહાપરિષદ

ચેરમેન - મેરેજ બ્યુરો
શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન

## MONARCH

MONARCH GROUP SUNIL RAJAI

*(A house of complete Software Solution)*

Our Software Services

- Accounting Software
- Income-Tax Software
- Service-Tax Software
- Web Designing
- Project report System Software.
- Value Added Tax Software
- Audit Reporting System
- smsmonarch.com

31-35, Gandhi Chambers, 5/694, Bhavaniwad, Haripura, Surat - 395003.
Tel. : (0261) 2418983-84-85-86 Customer Care: : 95100 56789 95101 56789
helpsurat@yahoo.com • www.i-tax.in

airtel

## શૈલેષભાઈ સોનપાલ

૯૮૯૮૬ ૫૨૧૬૩

SAMSUNG

Shivam Agency
Shivam Mobile Services Pvt. Ltd.
Radhey Sales Pvt. Ltd.

16, Karunesh Nagar, Near Small Wonder School
Parvat Patiya, Surat - 395010.

## હાર્દિક શુભેચ્છા સહ

## કિશોરભાઇ ઠક્કર પરિવાર, નાશિક

## PARi Creation

PARi Girls Ethnic Wear



414, Atlantic Plaza, Garage Gally, Near Tilak Bhavan,
K.G. Marg, X Tulsi Pipe Road, Dadar (W), Mumbai-28
Tel. : 022-24329342 / 24216983 Whatsapp : 9004257777
E-mail : pari.creation@yahoo.com Website : www.paricreation.com

# સ્થાયી સમિતિઓના અહેવાલ

## પર્યાવરણ સમિતિ વૃક્ષો વાવો, ધરતી બચાવો







તા. ૧૩-૮-૨૦૧૬ શ્રી લોહાણા મહાપરિષદ પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષો વાવો ધરતી બચાવો ૨૦૧૬ અભિયાન અંતર્ગત ગત તા. ૧૩-૮-૨૦૧૬ના રોજ રઘુવંશી પાર્ક, કોટક હાઉસની સામે, એસ.જી. હાઈવે ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી ગૌતમભાઈ શાહ (મેયર શ્રી અમદાવાદ), શ્રી યોગેશભાઈ લાખાણી (ગવર્નરશ્રી - શ્રી લોહાણા મહાપરિષદ), શ્રી પરેશભાઈ ભુપતાણી (વાઈસ ગવર્નરશ્રી - શ્રી લોહાણા મહાપરિષદ), શ્રી હિમાંશુભાઈ ઠક્કર (મંત્રીશ્રી - શ્રી લોહાણા મહાપરિષદ) તથા શ્રી લોહાણા મહાપરિષદના વિવિધ હોદ્દેદારો તેમજ શ્રી લોહાણા મહાપરિષદના પર્યાવરણ સમિતિના વિવિધ હોદ્દેદારો સહિત અમદાવાદ શહેરની વિવિધ પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ જેમ કે કુદરત ગૃપ, વન ફાઉન્ડેશન, ક્લિન એન્ડ ગ્રીન અમદાવાદ ગૃપ, સેવ એન્વાયરમેન્ટ વગેરેના પ્રતિનિધિઓ, કુમકુમ સ્વામિનારાયણ મંદિર, મણિનગરના સંત શ્રી પ્રેમવત્સલદાસજી હાજર રહ્યા હતા. પર્યાવરણ સમિતિ દ્વારા વૃક્ષોનું વિધિવત પૂજન કરીને દરેક વ્યક્તિઓના હસ્તે વૃક્ષો વાવવામાં આવ્યા હતા. શ્રી કિરીટભાઈ ભીમાણી, અધ્યક્ષ પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા પર્યાવરણ સમિતિના વિવિધ કાર્યક્રમો અને ભવિષ્યના વિવિધ આયોજનો અંગે માહિતી આપી હતી. વૃક્ષો વાવો અભિયાન અંતર્ગત પ્રતિક રૂપે કાર્યક્રમોમાં હાલ ૪૦ જગ્યાઓએ વૃક્ષારોપણ કાર્યક્રમ થયા હતા તથા આ ૪૧મો કાર્યક્રમ હોવાનું તેમણે જણાવ્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદ, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ધર્મેશભાઈ હરિયાણીએ પૂર પહેલાં પાળ બાંધવા એટલે કે પ્રદૂષણ સામે પ્રતિકાર અંગે પગલાંઓ લેવા સૂચન કર્યું હતું. શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે આપણે સૌએ પર્યાવરણ અંગે જાગૃત થવું પડશે અને પર્યાવરણ સંરક્ષણના કામો કરવા પડશે. સાથોસાથ લોહાણા સમાજ આ બાબતે અગ્રેસર છે અને રહેશે તેવું પણ તેમણે જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં મેયરશ્રીએ અમદાવાદ કોર્પોરેશન દ્વારા પર્યાવરણ સમિતિ, શ્રી લોહાણા મહાપરિષદને બિરદાવવામાં આવી હતી તેમજ અમદાવાદને હરિયાળું શહેર બનાવવાના વિવિધ પ્રયાસો તેમજ વિવિધ કાર્યક્રમો અંગે માહિતી આપી હતી. શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પણ આ પ્રસંગે જણાવ્યું હતું કે લોહાણા સમાજ પર્યાવરણની જાળવણી માટે હંમેશા અગ્રેસર રહ્યો છે અને હંમેશા રહેશે.





# શશીકુંજ અકાડમીના વૃક્ષારોપણ સથવારે

અહેવાલ સંકલન : રઘુવીર ગઢિયા





તા.૪-૯-૨૦૧૬ શ્રી લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ પર્યાવરણ સમિતિ અને શશીકુંજ અકાડમીના સંયુક્ત ઉપક્રમે શશીકુંજ કેમ્પસ બોડકદેવ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ દિવ્યાંગ બાળકો તથા આમંત્રિત મહાનુભાવોન ઉપસ્થિતિમાં અત્યંત સફળતાપૂર્વક યોજાયો. આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં ૧૦૦થી પણ વધારે વિવિધતાવાળા વૃક્ષોનું રોપણ કરી સમાજને એક સંદેશ આપવાનો નમ્ર પ્રયાસ થયો આ કાર્યક્રમમાં પર્યાવરણનું વિશેષ કાર્ય કરતી અનેક સમાજસેવી સંસ્થાઓ પણ સાથે જોડાઈ હતી. પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભીમાણીએ સ્વાગત પ્રવચન કરી સૌ મહાનુભાવોને આવકાર્યા હતા. આ પ્રસંગે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ગવર્નર શ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નર શ્રી પરેશભાઈ ભૂપતાણી, મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિરોધપક્ષના નેતા શ્રી દિનેશભાઈ શર્મા, વરિષ્ઠ પત્રકાર શ્રી અજયભાઈ ઉમટ, ફિલ્મ કલાકાર શ્રી અભિષેક જૈન, શ્રી જીતેન્દ્ર ઠક્કર, નવજીવન ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી એસ. આર. આપ્ટે, વાઘબકરી પરિવારના શ્રી પરાગભાઈ તથા અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પર્યાવરણ સમિતિ દ્વારા થઈ રહેલી અને સતત ચાલતી આ પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા માટે સર્વાંગી સહકાર સાંપડી રહ્યો છે તે બદલ આ સેવાયજ્ઞમાં જોડાયેલા તમામને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી પ્રવિણભાઈ કોટકે શશીકુંજ અકાડમીના ડાયરેક્ટર સુશ્રી ભૈરવીબેન લાખાણીને આ સુંદર આયોજન કરવા બદલ હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા અને તેમના ૫૧મા જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી હતી. તમામ આમંત્રિત મહેમાનોનું રઘુવંશી ધ્વજ રેપ્લિકા અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી અજયભાઈ ઉમટ, શ્રી અભિષેકભાઈ જૈન, શ્રી હિમાંશુ ઠક્કર તથા અન્ય વરિષ્ઠ મહાનુભાવોએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરી સૌને પ્રોત્સાહિત કર્યા હતા તથા ત્યારબાદ વૃક્ષારોપણનો કાર્યક્રમ લગભગ ૧.૩૦ થી ૨.૦૦ કલાક સુધી અવિરત ચાલુ રહ્યો હતો. લગભગ બપોરે ૧૨.૦૦ કલાકે સૌ ભોજન પ્રસાદ લઈ રવિવારને યાદગાર બનાવી સૌ છૂટા પડ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પર્યાવરણ સમિતિના અધ્યક્ષ શ્રી કિરીટભાઈ ભિમાણી તથા સુશ્રી વિરાલી જય લાખાણી દ્વારા કરવામાં આવ્યું હતું.





# બિઝનેસ ડેવલપમેન્ટ

**અહેવાલ સંકલન : ધીરુભાઈ રાજા**






તા ૧૪ ઓગસ્ટ, ૨૦૧૬ ને રવિવારના રોજ સાવિત્રીબાઈ ફૂલે હોલ, પૂના ખાતે બિઝનેસ ડેવલપમેન્ટ એન્ડ પર્સનાલિટી ડેવલપમેન્ટ સેમિનારનું આયોજન બિઝનેસ ડેવલપમેન્ટ કમિટીના અધ્યક્ષ શ્રી દિગ્વિજયભાઈ કાપડિયાના સીધા માર્ગદર્શન હેઠળ થયું. પૂના લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ધીરૂભાઈ, શ્રી રમેશભાઈ કામાણી તથા તમામ હોદ્દેદાર મિત્રો દ્વારા સુંદર સંકલન દ્વારા થયેલા આયોજનમાં મોટી સંખ્યામાં રઘુવંશી ભાઈ-બહેનોએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆત સ્વાગત પ્રવચન, મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત અને પૂના ખાતે રઘુવંશી સમાજના ઉત્કર્ષ માટે ચાલી રહેલી વિવિધ પ્રવૃત્તિઓના આદાન-પ્રદાનથી થયું હતું. મહિલા સશક્તિકરણ ઉપર સુશ્રી સુષ્મા ભાયાણી વ્યક્તિત્વ વિકાસ ઉપર શ્રી દિગ્વિજય કાપડિયા અને બિઝનેસ ડેવલપમેન્ટ વિષય ઉપર શ્રી સંજય ચતુર્વેદીના વ્યાખ્યાન મુખ્ય ભાગ હતો. આ ત્રણેય વક્તાઓ દ્વારા ખૂબ જ માહિતસભર રજૂઆત કરવામાં આવેલી હતી. આ પ્રસંગે મહારાષ્ટ્ર વિભાગના પ્રમુખ શ્રી જીતુભાઈ ઠક્કર, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હસમુખ દાવડા, ડો. સુરેશ પોપટ, શ્રી શંભુભાઈ હરિયાણી વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર, સુશ્રી રીટાબેન ઠક્કર, મંત્રીઓ શ્રી હિમાંશુ ઠક્કર તથા શ્રી પિયુષ ગંઠા, ખજાનચી શ્રી હિંમતભાઈ કોટક, પ્રોફેશનલ સમિતિના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી શિલ્પાંગભાઈ કારીયાની પ્રેરક ઉપસ્થિતિ હતી તથા પ્રાસંગિક ઉદ્‌બોધનો પણ કરવામાં આવ્યા હતા. પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટકે પોતાના વક્તવ્યમાં આ સુંદર આયોજન કરવા બદલ શ્રી દિગ્વિજયભાઈ કાપડિયા તથા પૂના મહાજનની સમગ્ર ટીમને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી મનીષભાઈ કોટક દ્વારા કરવામાં આવ્યું હતું.



અત્રે ઉલ્લેખનીય છે કે, આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે શ્રી પ્રવિણભાઈ કોટક, શ્રી હિમાંશુભાઈ ઠક્કર તથા શ્રી હિંમતભાઈ કોટક તા.૧૩ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે પૂના પહોંચી પૂના મહાજનના હોદ્દેદારો સાથે જલારામધામ આણંદી ખાતે જઈ પૂ. બાપાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આણંદી ખાતે તમામ ટ્રસ્ટીશ્રીઓ તથા હોદ્દેદારો દ્વારા પ્રમુખશ્રી પ્રવિણભાઈ કોટકે તથા સમગ્ર ટીમનું અંતરના ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ સૌએ ભોજન પ્રસાદ લીધો હતો. જલારામધામ, આણંદી ખાતે સુંદર સંચાલન અને સૌના સમર્પણ બદલ સૌને અભિનંદન આપી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.





# લગ્નવિષયક સમિતિ

રઘુવંશી સમાજમાં વિવાહ ઉત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પસંદગી મળી રહે અને યોગ્ય સમયે સંબંધોનું સર્જન થાય તે માટે લોહાણા મહાપરિષદની સ્થાયી સમિતિ લગ્ન વિષયક સમિતિ દ્વારા સંનિષ્ઠ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. નજીકના ભવિષ્યમાં આ અંગે યોગ્ય યોજનાઓ ખુલ્લી મૂકવામાં આવશે. તા. ૧૪ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ પૂના ખાતે મળેલી મીટીંગમાં લગ્ન વિષયક સમિતિના અધ્યક્ષ શ્રી હસમુખભાઈ દાવડા દ્વારા પ્રમુખ શ્રી પ્રવિણભાઈ, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર તથા અન્ય તમામ હોદ્દેદારોની ઉપસ્થિતિમાં વિગતે ચર્ચા કરવામાં આવી હતી. શ્રી હસમુખભાઈ દાવડાએ દીકરા-દીકરીઓની યોગ્ય પસંદગી માટે વિવિધ કેટેગરી બનાવી અલગ અલગ વ્હોટ્સ ગ્રુપો શરૂ કરવાની પ્રસ્તાવના મૂકી હતી જેને સૌએ સહર્ષ સ્વીકારી હતી. શ્રી હસમુખભાઈએ જણાવ્યું હતું કે, એક ગ્રુપમાં ૨૫૬ સભ્યો બની શકે છે. ઉદાહરણ તરીકે પોતાના પુત્ર માટે ડો. પુત્રીની શોધ કરતા તમામ વાલીને એક અલગ ગ્રુપ બનાવી તે તમામને આ ગ્રુપના સભ્ય બનાવવામાં આવશે અને આ ગ્રુપમાં તમામ ડો. દીકરીઓના ફોટા તથા બાયોડેટા જે તે વાલીની સંમતિથી માહિતીના આદાન-પ્રદાન અર્થે મૂકવામાં આવશે. આ પ્રકારના ૧૦ ગ્રુપ દીકરાઓ માટે અને ૧૦ ગ્રુપ દીકરીઓ માટે બનાવી ઉંમર તથા શૈક્ષણિક લાયકાત પ્રમાણે આ ગ્રુપમાં સભ્યો જોડવામાં આવશે તે દરેક ગ્રુપમાં તે ગ્રુપ માટે ઇચ્છુક બાયોડેટા મૂકવામાં આવશે. પ્રાથમિક તબક્કામાં અંદાજે ૫થી ૬ હજાર જેટલા માતા-પિતા અથવા ઉમેદવાર પોતે આ સેવાનો લાભ લઈ શકશે. આ ગ્રુપમાં મુખ્યત્વે ઉંમરના તેમજ શૈક્ષણિક લાયકાતના ધોરણે ગ્રુપ બનાવવામાં આવશે જેની જાહેરાત મુંબઈ ખાતે યોજાનારી આગામી કારોબારી સભામાં લગ્ન વિષયક સમિતિ દ્વારા કરવામાં આવશે.

આ ઉપરાંત વિદેશ જવા ઇચ્છતા દીકરા-દીકરીઓ તેમજ વિદેશમાં વસતા પરિવારો માટે ભારતમાંથી દીકરા-દીકરીઓની યોગ્ય પસંદગી માટે એક પરિચય મેળાનું આયોજન પણ મુંબઈ ખાતે ફાઈવ સ્ટાર હોટેલમાં કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કર વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે. આ કાર્યક્રમમાં દીકરા કે દીકરી સાથે તેમના માતા-પિતા હાજર રહેશે અને દરેક નોંધાયેલ ઉમેદવારને હોટલમાં એક રૂમ ફાળવવામાં આવશે. બે દિવસના આ કાર્યક્રમમાં શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા ટોકન રજિસ્ટ્રેશન ફી લેવામાં આવશે. આ સિવાયના હોટલના રહેણાંક, ભોજન કે બીજી સેવાઓના તમામ ખર્ચા ઉમેદવારના પરિવારના શિરે રહેશે. આ અંગે પણ તમામ માહિતીનું સંકલન કરી તેનું રજિસ્ટ્રેશન ફોર્મ તથા વિગતો મુંબઈ ખાતે યોજાનાર કારોબારી સભામાં જાહેર કરવામાં આવશે.

**- અંજન કોટક, અમદાવાદ**

# કૌશલ્ય વિકાસ સમિતિ

શ્રી લોહાણા મહાપરિષદ પ્રેરિત બીઝનેસ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ સમિતિ અને સ્કીલ ડેવલોપમેન્ટ સમિતિના સંયુક્ત ઉપક્રમે તા. ૨૧-૮-૨૦૧૬ને રવિવારના રોજ કોમ્યુનિટી સેન્ટર (મહાજન વાડી) ખાતે મેનેજમેન્ટ ટોપીક "End to begin" અંતર્ગત - ટ્રાન્સફોર્મેશન ફ્રોમ ઇન સાઇડ આઉટ વિષય પર કોર્પોરેટ ટ્રેનર શ્રી નિર્મલ પારેખ દ્વારા મનનીય લેક્ચરનું આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમને સફળ બનાવવા ઉપરોક્ત સમિતિઓના વડોદરા ખાતેના ઉપાધ્યક્ષો શ્રી મહેશભાઈ નાગ્રેચા તથા શ્રી ભાવિનભાઈ પોપટે ખૂબજ જહેમત ઉઠાવી ઝીણવટભર્યું આયોજન કર્યુ હતું. આ કાર્યક્રમમાં સમાજના યુવાન-યુવતીઓ ઉપરાંત વડોદરા ખાતેના ત્રણેય મહાજનના અગ્રણીઓ તથા સમાજના આગેવાનોએ હાજરી આપેલ.

End old school of Thoughts, End impersonal communication, End Erosion of Values, End conventional Thinking, End doing same thing again and again- આ પાંચ મુદ્દાઓને આવરી લઈ, શ્રી નિર્મલ પારેખ દ્વારા કરવામાં આવેલ પ્રેક્ટીકલ તેમજ થીયોરીટીકલ રજુઆત અત્યંત માહિતીસભર અને બધાને પ્રોત્સાહિત અને પ્રેરણાદાયક બની રહી હતી.





**- રમણીકભાઈ જોબનપુત્રા, વડોદરા**

# અખિલ ગુજરાત લોહાણા સમાજ - મધ્યસ્થ મહાસમિતિની બેઠક







અખિલ ગુજરાત લોહાણા સમાજની મધ્યસ્થ મહાસમિતિની બેઠક તા. ૨૯-૮-૨૦૧૬ ને મંગળવારના રોજ સુરત મુકામે અત્યંત સફળતાપૂર્વક સંપન્ન થઈ જેમાં તત્કાલિન પ્રમુખ શ્રી ઉમંગભાઈ ઠક્કરે પોતાના ૪ વર્ષના કાર્યકાળને પૂર્ણ કરી પ્રમુખપદની આ જવાબદારી અખિલ ગુજરાત લોહાણા સમાજના વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટકના શિરે સોંપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ મુકામે યોજાયેલી ગત કારોબારી સભામાં પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરના સૂચન પ્રમાણે સંસ્થાના આગામી પ્રમુખ નક્કી કરવા માટે પાંચ સભ્યોની એક સમિતિ બનાવી પ્રમુખપદ માટે સક્ષમ ઉમેદવારના નામનું સૂચન કરવા માટે કારોબારી સભાએ બહાલી આપી હતી. આ સમિતિમાં પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર, શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક, ગવર્નરશ્રી યોગેશભાઈ લાખાણી, વાઈસ ગવર્નરશ્રી પરેશભાઈ ભુપતાણી તથા મંત્રીશ્રી હિમાંશુભાઈ ઠક્કરના નામો નક્કી થયા હતા. સુરત મુકામે યોજાયેલી આ બેઠકમાં આ પાંચેય સભ્યો વતી શ્રી ઉમંગભાઈ ઠક્કરે શ્રી ધનવાનભાઈ કોટકના નામનું સૂચન કરતાં મધ્યસ્થ મહાસમિતિએ સૂચનને સર્વાનુમતે બહાલ રાખી અખિલ ગુજરાત લોહાણા સમાજના આગામી પ્રમુખ તરીકે શ્રી ધનવાનભાઈ કોટકને નક્કી કર્યા હતા. અત્રે અખિલ ગુજરાત લોહાણા સમાજના પૂર્વ પ્રમુખ શ્રી ઠાકોરભાઈ ઠક્કરે જૂના બંધારણ પ્રમાણે આ સંસ્થાના પ્રમુખ કાર્યકાળ ચાર વરસના બદલે છ વરસ કરવાની રજૂઆત કરતાં તેને પણ સર્વાનુમતે બહાલી મળી હતી. આ ઉપરાંત શ્રી ઠાકોરભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, અત્રે અખિલ ગુજરાત લોહાણા સમાજ ટ્રસ્ટ વડોદરા ખાતે ચેરિટિ કમિશનરમાં રજિસ્ટર્ડ છે જેમાં રૂા. ૨,૫૨,૦૦૦ના અનુદાનથી નિયત મર્યાદામાં ટ્રસ્ટીશિપ મેળવી શકાશે. આ જાહેરાતને અનુમોદન મળ્યું હોય તેમ હાજર શ્રેષ્ઠીઓએ ટ્રસ્ટીશિપ માટે પણ નામોની જાહેરાત કરી હતી. આ ઉપરાંત અખિલ ગુજરાત લોહાણા સમાજમાં રૂા. ૫,૧૧૨ ના અનુદાનથી આજીવન સભ્યપદ મેળવવા માટેની પણ જાહેરાત કરવામાં આવી હતી.

આ યોજનાને પણ ખૂબ જ સુંદર સમર્થન મળ્યું હતું. અત્રે શ્રી ધનવાનભાઈ કોટકની મંજૂરીથી અગત્યના હોદ્દાઓ પણ જાહેર કરવામાં આવ્યા હતા. તત્કાલિન પ્રમુખ તરીકે શ્રી ઠાકોરભાઈ ઠક્કર, વરિષ્ઠ ઉપપ્રમુખ તરીકે શ્રી ભગવાનદાસ ઠક્કર તથા શ્રી મુકેશભાઈ ઠક્કર ઉપરાંત યુવા વિભાગના અધ્યક્ષ તરીકે ભૂજના શ્રી જયેશભાઈ શામજીભાઈ સચદે (બાપા દયાળુ) તથા મહિલા વિભાગના અધ્યક્ષ તરીકે વલસાડના સુશ્રી પ્રજ્ઞાબેન રાજાની નિમણૂંક કરાઈ હતી. આ ઉપરાંત મહામંત્રીઓ શ્રી વસંતભાઈ કોડરાણી, શ્રી પ્રવિણભાઈ ઠક્કર - આણંદ, શ્રી મગનભાઈ રૂપારેલ - વડોદરા, શ્રી રાજેશભાઈ ઠક્કર - અમદાવાદ, શ્રી સુમિતભાઈ ઠક્કર - ભાવનગર, ખજાનચી તરીકે શ્રી શૈલેષભાઈ સોનપાલ અને બીજા પણ મહત્ત્વના હોદ્દાઓ જાહેર કરાયા હતા. અત્રે પ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટકે જણાવ્યું હતું કે, અખિલ ગુજરાત લોહાણા સમાજને કોઈપણ રૂપે મળેલ અનુદાનના ફક્ત વ્યાજની જ રકમ વિધવા, વિધુર અને નિઃસહાયની મદદ

માટે જ વાપરવામાં આવશે અને કોઈપણ પ્રકારનું અનુદાન રોકડેથી સ્વીકારવામાં આવશે નહીં.
નવનિયુક્ત પ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટકની આ લાગણીઓને શ્રી લોહાણા મહાપરિષદના મંત્રી શ્રી હિમાંશુભાઈ ઠક્કરે પોતાના વક્તવ્યમાં ખૂબ બિરદાવી હતી અને ત્રણ માસ પહેલાં શ્રી ધનવાનભાઈ કોટકને આવેલ આ સુંદર વિચારને અખિલ ગુજરાત લોહાણા સમાજના માધ્યમથી સ્તુત્ય બનાવવા માટે અભિનંદન આપ્યા હતા અને સાથે સાથે માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ તરફથી પણ તમામ પ્રકારના સહયોગની ખાતરી આપી હતી. આ પ્રસંગે વિદાયમાન પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર નવનિયુક્ત પ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટક તથા તમામ હોદ્દેદારોનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, આગળના દિવસે રાત્રે પણ સમાજની દિકરીઓ દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ અને મીટીંગના દિવસે પણ બપોર પછી બહારગામથી પધારેલા મહેમાનો તથા સુરત શહેરના રઘુવંશી ભાઈ-બહેનોની હાજરીમાં પૂ. હરીરામબાપાની જન્મજયંતિ સુરત ખાતે ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવી હતી. આ આખાય કાર્યક્રમનું સુંદર સંચાલન સમયની ગરિમા જાળવીને નવનિયુક્ત વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી ભગવાનદાસ ઠક્કર (બંધુ)એ કર્યું હતું.

સંકલન : હર્ષદ કારીયા

## નવી મુંબઈ

શ્રી લોહાણા મહાપરિષદ સંચાલિત વાત્સલ્ય સમિતિ (મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ) દ્વારા સમર કેમ્પ શ્રી લોહાણા સમાજ, નવી મુંબઈના સહયોગથી તા. ૭-૫-૨૦૧૬થી તા.૧૫-૫-૨૦૧૬ દરમ્યાન યોજવામાં આવ્યો હતો. બાળકોના વેકેશનના સમયનો સદુપયોગ, સર્વાંગી વિકાસ તથા જ્ઞાન સાથે ગમ્મત આપતા સમરકેમ્પમાં વિવિધલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ નિષ્ણાતો દ્વારા ડાન્સઝૂમ્બા, ડ્રોઇંગ, ક્રાફ્ટ, યોગા, શ્લોક પઠન, સિંગીંગ, વાર્તાકથન, નેઇલ આર્ટ, ગ્લાસ પેઇન્ટીંગ, ચાઈલ્ડ કાઉન્સીલીંગ, ઇઝી કુકીંગ, સૂર્ય નમસ્કાર, બાળકોના કાનુની અધિકારો (નિષ્ણાત વકીલ દ્વારા) આ વર્કશોપમાં આવરી લેવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર ૧૨૫ બાળકોને શ્રીમતી મીનાબેન ઠક્કર તરફથી ગીફ્ટ આપવામાં આવી હતી.

## મુલુંડ

શ્રી લાલજીસર વરિષ્ઠ નાગરિક સેલના અધ્યક્ષ સામાજિક અગ્રણી, જાણીતા શિક્ષક શ્રી લાલજી સર વર્ષોથી ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા છે. તેમના સામાજિક કાર્યોની નોંધ લઈ તાજેતરમાં મુલુન્ડ મંડલ ભાજપાના વરિષ્ઠ નાગરિક સેલના અધ્યક્ષ તરીકેની જવાબદારી તેમને સોંપવામાં આવી છે. મુલુન્ડ મંડલ અધ્યક્ષ શ્રી મનિષ તિવારી દ્વારા તાજેતરમાં મળેલી મંડલની બેઠકમાં આ જાહેરાત કરવામાં આવી હતી.

## મુંબઈ

શ્રી કચ્છી લોહાણા મહાજન મુંબઈ દ્વારા કચ્છી નવા વરસની ઉજવણી કરાઈ. સમગ્ર મુંબઈમાં વસતા સમસ્ત રઘુવંશીઓના આસ્થાન સ્થાનિક દરિયાસ્થાન સ્ટ્રીટ, વડગાદી સ્થિત દરિયાલાલ મંદિરે ૧૫૪ વર્ષની ઝળહળતી અખંડ જ્યોતની પાવન નિશ્રામાં કચ્છી નવું વરસ અષાઢી બીજ ચંદ્રદર્શન ઉત્સવ તા. ૫ જુલાઈ ૨૦૧૬ મંગળવારના રોજ ધામધૂમપૂર્વક ઉજવાયો. પર્વ પ્રસંગે દિવસે સવારે પ્રાતઃઆરતી કરાઈ ત્યારબાદ ચોપાટી સમુદ્રતટે સચરાચર દેવશ્રીનું પૂજન શ્રી વિનીત પૂજારા, શ્રીમતી દીપાલી પૂજારા, શ્રીમતી નંદીનીબેન બિપીનભાઈ પૂજારા, મહાજન મંત્રી શ્રી નીતીનભાઈ ગંગારામભાઈ ઠક્કર, કારોબારી સભ્યોશ્રી હરેશ રવજી મજેઠિયા અને શ્રી બિપીન શીવદાસ સચદેના હસ્તે કરાયું.
માધાપર : શ્રી માધાપર લોહાણા મહાજન દ્વારા શ્રી લોહાણા મહાપરિષદના વિભાગીય ઉપપ્રમુખ શ્રી કે.સી. ઠક્કર તરફથી જાહેર થયેલ રકમની અર્પણવિધિ કાર્યક્રમ યોજાયો હતો. તા. ૨૫-૭-૨૦૧૬ના શ્રી માધાપર લોહાણા મહાજનને શ્રી કે.સી. ઠક્કર - ગાંધીધામવાળાના પ્રતિનિધિ શ્રી દિલીપભાઈ રતીલાલ ભીંડે દ્વારા શ્રી માધાપર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી દિનેશભાઈ શશીકાન્ત ઠક્કરને સમાજના અગ્રણીઓ શ્રી નટવરલાલ રાયકુંડલ અને કાર્યાલય મંત્રીશ્રીની હાજરીમાં ચેક અર્પણ કરતાં મહાજન પ્રમુખશ્રીએ આભાર સહ યોગદાનની સરાહના કરી આનંદ વ્યક્ત કરેલ.

**આણંદ**

તા. ૧૫મી ઓગસ્ટના રોજ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજન, આણંદ દ્વારા અમૃતવાડી ખાતે ધ્વજવંદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનના મંત્રી શ્રી નરેન્દ્રભાઈ માણેકને હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી સૌરાષ્ટ્ર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી જયેશભાઈ કારિયા, ઉપપ્રમુખ શ્રી પ્રકાશભાઈ મીરાણી તેમજ બહોળી સંખ્યામાં અગ્રણીઓએ હાજરી આપેલ હતી.

**જેતપુર**

**શ્રી જેતપુર લોહાણા મહાજન દ્વારા રાહત દરે અન્ન વિતરણ**

જેતપુર લોહાણા મહાજન દ્વારા ગત જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે જ્ઞાતિના જરૂરિયાતમંદ કુટુંબોને રાહતદરે અન્ન વિતરણ તા. ૨૧-૮-૨૦૧૬ના રોજ જૂની લોહાણા મહાજનવાડી ખાતે કરવામાં આવેલ, જેમાં બેસન, મેંદો, તેલ, ઘી, ખાંડ, ચવાણુ વગેરે જ્ઞાતિના અંદાજીત ૧૧૫ કુટુંબોને રાહતદરે આપવામાં આવેલ. અન્ન વિતરણ સમયે જેતપુર લોહાણા મહાજનના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ખજાનચી, કારોબારી સભ્યો હાજર રહેલ. આગામી દિવાળીના તહેવાર નિમિત્તે રાહત દરે અન્ન વિતરણ તા. ૨૩-૧૦-૨૦૧૬ રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે જૂની લોહાણા મહાજન વાડી, ફૂલવાડી રોડ, જેતપુર ખાતે કરવામાં આવશે.

**નિઃશુલ્ક શૈક્ષણિક પ્રવાસનું આયોજન**

શ્રી જેતપુર લોહાણા મહાજન દ્વારા તા. ૧૪-૮-૨૦૧૬ના રોજ ધોરણ ૪ થી ૭ના વિદ્યાર્થીઓ માટે અક્ષરધામ તથા સાયન્સસિટી ગાંધીનગર માટેના એક નિઃશુલ્ક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમાં ૬૨ વિદ્યાર્થીઓ ઉત્સાહપુર્વક જોડાયેલ. આ પ્રવાસને સફળ બનાવવા માટે પ્રમુખશ્રી જયંતિભાઈ વસાણી, ઉપપ્રમુખ શ્રી મુકેશભાઈ ગણાત્રા, સભ્ય શ્રી  દીપકભાઈ ઉનડકટ તથા જમનભાઈ પોપટએ માર્ગદર્શન આપી ભારે જહેમત ઉઠાવેલ. પ્રવાસમાં પ્રોજેક્ટ ચેરમેન શ્રી અનિલભાઈ કોટેચા તથા શ્રી કમલેશભાઈ આડતીયા સાથે જોડાઈ વિદ્યાર્થીઓને વિવિધ સ્થળોની મુલાકાત દરમ્યાન જરૂરી માહિતી પૂરી પાડી હતી.

**રાધનપુર**

રાધનપુરની વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલ અને અખિલ ગુજરાત કચ્છ વાગડ સમાજના વરિષ્ઠ ઉપપ્રમુખશ્રી ધીરૂભાઈ પી. ઠક્કર (પંપવાળા)નો અમૃતપર્વ મહોત્સવ તેમના અર્ધાંગિની શ્રીમતી જયાબેનના જન્મદિને પૂ.જાનકીદાસજી મહારાજ તથા પૂ.રમાબેન હરિયાણીજીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. રાધનપુરના આંગણે યોજાયેલા કાર્યક્રમોમાં સવારના કચ્છ વાગડ વાડીના પ્રાંગણમાં યોજાયેલ રક્તદાન કેમ્પમાં ૭૮ બોટલ રક્તની એકત્રિત કરવામાં આવી હતી. ૧૦૦ જેટલા થેલેસેમિયા નિદાન કરવામાં આવ્યા હતા. જે માટે ઇન્ડિયન રેડક્રોસ સોસાયટીનો તથા આર્ટસ કોમર્સ કોલેજ, કચ્છ વાગડ યુવક મંડળ વિ.નો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે શ્રી ધીરૂભાઈ તરફથી ૮૨ જેટલા મોતીયાના નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે શ્રી કનુભાઈ આચાર્યએ સંપાદિત પુસ્તક ''અમૃતસ્યા પુત્રાઃ ધીરૂભાઈ ઠક્કર'' ગ્રંથ વિશે અને શ્રી ધીરૂભાઈના જીવન વિશેની માહિતી આપી હતી. આ ગ્રંથનું લોકાર્પણ પૂજ્ય શ્રી જાનકીદાસજી મહારાજના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. શ્રી ધીરૂભાઈએ તેમના પ્રતિભાવ આપતાં આ કાર્યક્રમ સમાજ થકી જ થયો હોવાનું સ્વીકાર કરી તેઓના જીવન વિહારમાં ઉપયોગી થયેલ તેવા મહાનુભાવોને યાદ કર્યા હતા.

**અમદાવાદ**

શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ દ્વારા તારીખ ૧૨,૧૩,૧૪ અને ૧૫ ઓગસ્ટ ૨૦૧૬ના યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવેલ જેમાં અમદાવાદથી તમામ સભ્યો હૈદરાબાદ તથા શ્રી શૈલમ્ દર્શનાથે ગયા હતા. આ પ્રવાસમાં અંદાજે ૮૦ જેટલા સભ્યો જોડાયા હતા.

# સરાહનીય.... અભિનંદનીય



ફુ. હેતલ તન્ના
નાસિક

આરોગ્ય અને શિક્ષણ સહાય એ માતૃસંસ્થા શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી નિરંતર ચાલતી પ્રક્રિયા રહી છે. છેલ્લાં વર્ષોમાં હજારો વિદ્યાર્થીઓને શક્યતઃ રીતે મદદ કરવાનો કે પ્રોત્સાહિત કરવાનો અભિગમ રહ્યો છે. આજે તેમાંના કેટલાય વિદ્યાર્થીઓ સુંદર રીતે શૈક્ષણિક કારકિર્દી પૂરી કરી પોતાના જીવનને સ્તુત્ય બનાવી રહ્યા છે પણ પોતાના પરિવાર, માતૃસંસ્થા પ્રત્યેની તેમની લાગણી ભૂલ્યા નથી અને શક્ય તમામ રીતે પોતાનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરી રહ્યા છે તે ખરેખર અભિનંદનીય છે. આવો જ એક પ્રયાસ, સમાજની નાસિકની દીકરી કુ. હેતલ દ્વારા સમાજની અન્ય દીકરીઓને આ પ્રકારની સેવાની ધારા વહેતી રહે તે માટે કરવામાં આવ્યો. કુ.હેતલ નોકરીમાંથી આવેલા પોતાના પગારની પહેલી રકમ શ્રી માતૃસંસ્થાને મોકલી આપેલ છે. હેતલ, આપ જેવી દીકરીઓના આશીર્વાદથી જ માતૃસંસ્થા ઉર્જાવાન બની છે, હેતલને ખૂબ ખૂબ સલામ.... નાસિકથી ભાઈ શ્રી મહેન્દ્રભાઈ મજીઠિયાએ વિગતવાર પત્ર દ્વારા સંપૂર્ણ માહિતી મોકલેલ છે.



## શ્રી ધનવાનભાઈ કોટક

શ્રી લોહાણા મહાપરિષદના ગુજરાત વિભાગના ઉપપ્રમુખ શ્રી ધનવાનભાઈ કોટકની તેમના દ્વારા સમાજ માટે છેલ્લા કેટલાય વર્ષોથી અપાયેલા યોગદાનથી અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખ તરીકે નિયુક્ત થયા છે ત્યારે શ્રી ધનવાનભાઈ કોટકને માતૃસંસ્થાના ખૂબ ખૂબ અભિનંદન.



## શ્રી તરૂણભાઈ દત્તાણી

શ્રી રઘુકુળ વિશ્વના તંત્રી, સમભાવ, જનસત્તા તથા ગુજરાતના પત્રકાર જગતના ખૂબ જ સક્રિય એવા શ્રી તરુણભાઈ દત્તાણીની લોહાણા અખબાર જગતના પ્રમુખ તરીકે નિયુક્તિ થવા બદલ માતૃસંસ્થાની ખુબ ખુબ શુભેચ્છાઓ...




## શ્રી રોહિતભાઈ મિરાણી

શ્રી કચ્છ-વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદના યુવાશક્તિના પ્રમુખ શ્રી રાહિતભાઈ મુકુંદભાઈ મિરાણીના ૩ ઓગસ્ટના રોજ જન્મદિન નિમિત્તે માતૃસંસ્થાને યાદ કરી રૂપિયા ૫ હજારનું અનુદાન થેલેસિમિયા ફંડમાં મોકલેલ છે. ખુબ ખુબ આભાર...



## શ્રી ધનરાજ નથવાણી

દ્વારકા દેવસ્થાન સમિતિના ઉપાધ્યક્ષ પદે રિલાયન્સ ગ્રુપના યુવા વાઈસ પ્રેસીડન્ટ અને રાજ્યસભાના સાંસદ પરિમલભાઈ નથવાણીના પુત્ર શ્રી ધનરાજભાઈ નથવાણીની સરકાર દ્વારા નિમણૂંક થવા બદલ માતૃસંસ્થાની ખુબ ખુબ શુભેચ્છાઓ...



# પરમ પૂજ્ય
# પ્રમુખ સ્વામી મહારાજને
# શ્રદ્ધાંજલિ

## જય સ્વામિનારાયણ



શ્રી પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ ૭ ડિસેમ્બર, ૧૯૨૧ના રોજ વડોદરા જિલ્લાના ચાણસદ ખાતે થયો હતો. શ્રી પ્રમુખ સ્વામી મહારાજનું સાંસારિક નામ શાંતિલાલ પટેલ હતું. તેઓ બી.એ.પી.એસ. સ્વામિનારાયમ સંસ્થાના પ્રેસિડેન્ટ હતા. સ્વામિનારાયણ સંસ્થાના તેઓ પાંચમા ગાદીપતિ હતા. તેઓના ગુરુ ક્રમશઃ ગુણાતિતાનંદ સ્વામી, ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજ હતા. શ્રી પ્રમુખ સ્વામી મહારાજ ૧૯૫૦માં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના પ્રમુખ તરીકે નિમણૂક પામ્યા હતા. શ્રી પ્રમુખ સ્વામી મહારાજ દ્વારા ભારત અને ભારત બહાર કુલ ૧૧૦૦ મંદિરોનું નિર્માણ થયું છે. જેમાં અક્ષરધામ દિલ્હી અને ગાંધીનગરનો પણ સમાવેશ થાય છે. શ્રી પ્રમુખ સ્વામી મહારાજને ૧૭ વર્ષની ઉંમરે ૭ નવેમ્બર ૧૯૩૯ના રોજ ગુરૂ શાસ્ત્રી મહારાજે લખેલો પત્ર મળ્યો હતો જેમાં તેમણે લખ્યું હતું કે સાધુ થવા માટે આવી જાઓ. ત્યારે તેમના માતાપિતાએ પણ તેમને પરમિશન આપી હતી અને તેઓએ ત્યારે તેમનું ઘર છોડી અને સાધુ થવા માટે ગયા હતા. ૧૯૩૯ના ૨૨ નવેમ્બરે શાસ્ત્રી મહારાજે આંબલીવાળી પોળ અમદાવાદ ખાતે શ્રી પ્રમુખ સ્વામી મહારાજને પ્રસાદ દીક્ષા અર્પી હતી ત્યારે તેઓનું નામ શાંતિ ભગત રાખવામાં આવ્યું હતું. ૧૯૭૧માં યોગીજી મહારાજે પોતાના બ્રહ્મલીન થતાં પહેલા બીએપીએસ સંસ્થાના સાધુ અને સત્સંગીઓ વચ્ચે કહ્યું હતું કે આજથી પ્રમુખ સ્વામી મારા માટે સર્વસ્વ છે અને આજથી મારું આગળનું કાર્ય પ્રમુખ સ્વામી સંભાળશે. બસ ત્યારથી શ્રી પ્રમુખ સ્વામી મહારાજે બીએપીએસ સંસ્થાના પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. ત્યારથી તેઓ પ્રમુખ સ્વામી તરીકે ઓળખાવા લાગ્યા અને તેઓએ બીએપીએસ સંસ્થાના તમામ પ્રકારના કાર્યો આગળ ધપાવ્યા જેમાં ભારત અને ભારત બહાર પણ ઘણા મંદિરોનું નિર્માણ કર્યું.

તા. ૧૩ ઓગસ્ટ, ૨૦૧૬ના રોજ લાંબા સમયની બિમારી બાદ સાંજે ૬.૦૦ કલાકે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સાળંગપુર, જિ. બોટાદ (ગુજરાત) ખાતે બ્રહ્મલીન થયા. શ્રી પ્રમુખ સ્વામીએ લખેલા પત્ર મુજબ શ્રી મહંત સ્વામી બીએપીએસ સંસ્થાના પ્રમુખ તરીકે નિયુક્ત થયા.

અત્રે ઉલ્લેખનીય છે કે, પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના તા.૧૫ ઓગસ્ટ, ૨૦૧૬ના અંતિમ દર્શન, તા. ૧૬ ઓગસ્ટ, ૨૦૧૬ના અંતિમ સંસ્કાર વેળાએ સાળંગપુર ખાતે, તા. ૩ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ જીએમડીસી કન્વેશન સેન્ટર, અમદાવાદ ખાતે, તા. ૬ સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે તથા તા.૩૦ ઓગસ્ટ ૨૦૧૬ના રોજ રાજકોટ ખાતે યોજાયેલ પૂ.પ્રમુખ સ્વામી મહારાજની ભાવાંજલિ સભામાં પ્રમુખ શ્રી પ્રવિણભાઈ કોટક સહિત માતૃસંસ્થાના વરિષ્ઠ હોદ્દેદારોએ વિવિધ સ્થળે ઉપસ્થિત રહી આ સંત વિભૂતિને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

**RNI NO. : GUJ/GUJ/2011/44815**
'Registered under Postal Registration No. AHD-C/11/2016-2018 valid upto 31st December-2018
issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month'
Date of Publication : 5th September 2016




**President, Printer and Publisher :** Pravinbhai Kotak, **Editor :** Tarun Dattani
**Place of Publication : Shree Lohana Mahaparishad,** Iscon Mega Mall - Basement, Near Iscon Temple, S G Highway, Satellite, Ahmedabad - 380059 (Ph.) 079-40091005
**Printing Press :** Print Vision Pvt. Ltd., Print Vision House, Lane, Opp. Central Bank of India, Ambawadi, Ahmedabad - 380 006 (Gujarat)